# નવો કરાર

ચિત્ર બાઈબલ

The Life of Christ *Illustrated* - Gujarati



# The Life of Christ Illustrated

## Gujarati Edition

Copyright 2015 Voice Media

info@VM1.global
Web home: www.VM1.global

All rights reserved. No part of the publication may be reproduced, distributed or transmitted in any form or by any means, including photocopying, recording, or other electronic, or mechanical methods, without the prior written permission of the publisher, except in the case of brief quotations embodied in critical reviews and certain other noncommercial uses permitted by copyright law. For permission requests, email the publisher, addressed “Attention: Permission Coordinator,” at the address above.

This publication **may not be sold, and is for free distribution** only.

# ઈસુનું જીવન

## માત્થી, માર્ક, લૂક અને યોહાનમાંથી

નવા કરારના પ્રથમ ચાર પુસ્તકોને સુવાર્તા કહેવામાં આવે છે તનો અર્થ "શુભસંદેશ" છે. તે ઈસુના જીવન, મરણ અને પુનરુત્થાન વિષે છે. આ પુસ્તકો ઘણી રીતે સરખા છે તેથી અહીં બધાનું સંકલન કરીને એક જ વાર્તા આપવામાં આવી છે.




જે જગતમાં ઈસુ આવ્યા
૬૦ વર્ષની યહૂદીઓના દેશ પેલેસ્ટાઈનમાં પરાક્રમી રોમનો રાજ કરતા હતા. પોતાની સત્તા જાળવવા માટે તેમણે હેરોદ નામના ક્રૂર પણ ચાલાક માણસને નીમ્યો હતો. યહુદીઓ તેને તથા તેને દરબારમાં આવતા રોમનોને ધિક્કારતા હતા. હવે સમય ઈસ. પૂ. ૬નો છે...
એ ડોસલા, આ સામાન ઊંચકી લે.
તે પેટી આ ઘરડા માણસ માટે ઘણી ભારે છે
રોમનોને એવી ક્યાં પડી છે?
કલાકો પછી તે વૃદ્ધ માણસ ઘેર પહોંચે છે
દાદાજી, શું થયું?
રોમન સિપાહીએ તેમને હેરોદના મહેલ સુધી સામાન ઊંચકાવ્યો



(પણ શા માટે?)
કાયદો એવો છે. રોમન સિપાહી યહૂદી પાસે એક માઈલ સુધી પોતાનો સામાન ઊંચકાવી શકે છે. તે યોગ્ય તો નથી પણ રોમનો...
રોમનો દરેક બાબતનો કર ઊઘરાવે છે. સરકાર સામે આપણો કોઈ અવાજ નથી. પણ ભૂતકાળમાં દાઉદ રાજાના સમયમાં આપણે જ સત્તાધીશ હતા!
શ.. કોઈ સાંભળી જશે.
ઓ પ્રભુ! તમે મસીહને મોકલવાનું વચન આપ્યું હતું તે ક્યારે આવશે?
માલાખી પ્રબોધકે કહ્યું છે કે આપણને તૈયાર કરવા માટે તે પહેલાં કોઈને મોકલશે... અને તે હજી આવ્યો નથી...


તે સાંજે યરૂશાલેમમાં યહૂદીઓ પ્રાર્થના કરવા માટે ભેગા થયા હતા ત્યારે એક વૃદ્ધ ઝખાર્યા નામનો યાજક પ્રાર્થના અને અર્પણો ચઢાવવા પ્રવેશ કરે છે
મારા જીવનનો આ સૌથી મહાન દિવસ છે. આટલા વર્ષો પછી ઈશ્વરની પવિત્ર વેદી પર ધૂપ બાળવાનો મારો વારો આવ્યો છે.


તે પવિત્રસ્થાનમાં લાંબો સમય રોકાયો તેથી લોકો નવાઈ પામવા લાગ્યા.
આ ઝખાર્યાની પ્રાર્થના તો બીજા યાજકોની પ્રાર્થના કરતાં લાંબી ચાલી.
તે સારો માણસ છે. તેની જગા લેવા માટે તેને કોઈ સંતાન નથી એ ઘણું ખરાબ કહેવાય.


છેવટે ઝખાર્યા બહાર આવ્યો ને લોકોના ચહેરા... પણ તે બોલી શકતો ન હતો.
ઈશ્વરના પવિત્ર સ્થાનમાં શું થયું ?


ઈશ્વરનું રહસ્ય !
લૂક ૧:૨૩-૫૫
મંદિરમાં ધૂપ ચઢાવવા પવિત્ર સ્થાનમાં ગયા પછી ઝખાર્યા એક પણ શબ્દ બોલ્યો નથી યરૂશાલેમના લોકો માનતા હતા કે તેણે કોઈ દર્શન જોયું છે પણ તે કહી શકતો નથી. મંદિરમાં પોતાની સેવાનો સમય પૂરો કર્યા પછી તે યહુદાના પહાડી પ્રદેશમાં પોતાના ઘેર પાછો આવે છે તેની પત્ની એલીઝાબેથ તેને દરવાજામાં મળે છે.
ઝખાર્યા, શું થયું ? તું મારી સાથે બોલતો કેમ નથી ?
તરત જ ઝખાર્યા તેનો જવાબ લખીને એલીઝાબેથને વાંચવા આપે છે.
જ્યારે હું પવિત્રસ્થાનમાં પ્રાર્થના કરતો હતો. ત્યારે દૂતે મારી સાથે વાત કરી. તેણે કહ્યું કે આપણને દીકરો થશે તેનું નામ યોહાન પડશે અને તે ઈશ્વરના મુક્તિદાતાનો આપણા લોકો માટે માર્ગ તૈયાર કરશે.




પ્રભુએ તેમના પર મૂકેલ વિશ્વાસને કારણે આનંદ તથા ભય સાથે ઝખાર્યા અને એલીસાબેથ પુત્રના જન્મની તૈયારી કરવા લાગ્યા. તે મહિનાઓમાં તેઓ સાથે મળીને ઈશ્વરે તેના લોકોને આપેલા વચનો વાંચતા હતા.





મરિયમે દૂતના સંદેશ વિષે કોઈને કશું કહ્યું નહિ પણ થોડા દિવસો પછી તે યૂસફને મળવા તેની સુથારી દુકાનમાં ગઈ
હું મારી પિતરાઈ એલીઝાબેથને મળવા જવાની છું.
યહુદાહમાં ? તને એકલી ત્યાં જવા દેવાનું મને ગમતું નથી. આપણી સગાઈનો સમય પૂરો થઈ ગયો હોત તો હું તને ત્યાં લઈ જાત.
પણ મરિયમ એકલી જ ચાલી નીકળે છે...
દૂતે કહ્યું છે કે એલીઝાબેથને પણ પુત્ર જન્મશે. અમે વાતો કરીશું.
અને જ્યારે તે તેને મળે છે...
એલીસાબેથની વાતથી મરિયમ ખુશ થઈને ગાઈ ઊઠે છે.
મરિયમ, પ્રભુએ તને આશિષ આપી છે. તું અહીં કેમ આવી છે ?
મારો આત્મા પ્રભુને સ્તુત્યમાને છે તે પરાક્રમી છે તેણે મારે માટે મહાન કામો કર્યા છે. તેનું નામ પવિત્ર છે !

# પિતાની ભવિષ્યવાણી

લૂક ૧:૫૭-૮૦, ૨:૧-૫.










દૂતની સૂચના પ્રમાણે બાળકનું નામ પાડવામાં આવ્યું કે તરત જ ઝખાર્યા બોલી શક્યો.
ઈસ્રાએલના પ્રભુને ધન્ય હો ! તેણે પોતાના લોકની મુલાકાત લીધી છે અને હે બાળક, તું પરાત્પરનો પ્રબોધક કહેવાશે કેમકે તું પ્રભુની આગળ તેનો માર્ગ તૈયાર કરીશ.
લોકો ઝખાર્યાના બાળકના જન્મવિષે ચર્ચા કરતા હતા.
આ યોહાન નામનોં શો અર્થ ?
તેનો અર્થ તો "પ્રભુ દયાળું છે" ખરેખર આ બાળક માટે પ્રભુનો ખાસ ઉદ્દેશ હતો.
નાઝરેથમાં મરિયમ પણ પોતાના બાળકના ઉદ્દેશ વિષે વિચારતી હતી. પણ નાઝરેથના સુથારને મરિયમને દૂતે કહેલી વાત સમજાઈ ન હતી. એક રાત્રે તેની પાસે દૂત આવે છે..
ઈશ્વરે પોતાના પુત્ર માટે મરિયમને પસંદ કરી છે. તું તેનું નામ ઈસુ પાડશે. તે પોતાના લોકોને પાપોથી તારશે.


બીજા દિવસે યૂસફ ઝડપથી મરિયમને મળવા જાય છે.
મરિયમ, ગઈ કાલે દૂતે મને સ્વપ્નમાં કહ્યું કે તું પ્રભુની મા બનવાની છે. તારી તથા બાળકની સંભાળ લેવા પ્રભુએ મને પસંદ કર્યો છે.
તેથી યૂસફ મરિયમને તેડી લાવ્યો. રાત્રે અગાશીમાં તારાઓ જોતા અને ઈશ્વરના વચન વિષે વાતો કરતા.


પણ એક દિવસ યૂસફ સમાચાર લાવ્યો કે કાઈસાર ઓગસ્તસની આજ્ઞા પ્રમાણે વસતી ગણતરી કરવાની છે. દરેકે પોતાના વતનમાં નામ લખાવવું પડશે. તે દાઉદ રાજાના વંશનો હતો. તેથી તેમણે બેથલેહેમ જવાનું હતું.
પણ તને છોડીને હું જઈશ નહિ.
યૂસફ, તારે જવું પડશે, હું પણ આવીશ ચિંતા ન કર. પ્રભુ આપણી સાથે હશે.


નોંધણી કરાવવા માટે તેઓ નીકળી પડયા. બીજા ઘણાં તેમની સાથે હતા પણ યૂસફ તથા મરિયમ પાછળ પડી ગયા અને તેઓ છેલ્લાં ત્યાં પહોંચ્યા.
અમે ઘણે દૂરથી આવ્યા છીએ. મારી પત્ની થાકી ગઈ છે અમને ઉતારો જોઈએ છે.
માફ કરજો. આખું બેથલેહેમ માણસોથી ઊભરાય છે. અહીં જગા નથી.

# રાત્રે દૂતોનું ગીત

લૂક ૧:૨૩-૫૫




તે રાત્રે બેથલેહેમના કેટલાક ભરવાડો વાતો કરતા હતા.
મેં સાંભળ્યું છે કે કર વધારવા માટે કાઈસાર આ વસતી ગણતરી કરાવે છે આ પરદેશી રાજાથી આપણને કોણ છોડાવશે ?
ઈશ્વરે એક મસીહનું વચન આપ્યું છે અને તેને જોવાની હું રોજ પ્રાર્થના કરું છું.
અચાનક ઘેટાં પાળકોની આસપાસ મોટો પ્રકાશ દેખાયો.
આ શું ?
પ્રભુ બચાવજો !
બીહો મા, હે સર્વ લોકોને માટે શુભસંદેશ લાવ્યો છું. દાઉદના નગરમાં આજે એક તારનારનો જન્મ થયો છે. તમે ગભાણમાં એક બાળકને વસ્ત્રમાં લપેટેલો જોશો.



પછી આકાશમાં દૂતોની મોટી સેના દેખાઈ તેઓ ઈશ્વરની સ્તુતિ ગાતા હતા.
દૂતો ગયા અને અજવાળું પણ ગયું ફરીથી અંધકાર થઈ ગયો.
માની ન શકાય તેવી આ વાત છે પણ પ્રભુએ આજે રાત્રે જ તારનારને મોકલ્યો છે.
વળી આપણા જેવા ગરીબ ભરવાડોને આ વાત કહેવા તેણે દૂતોને મોકલ્યા !
દૂતે કહ્યું હતું કે તમે તે તારનારને ગભાણમાં જોશો. ચાલો આપણે જઈએ.
ભય તથા નવાઈથી તેઓ બેથલેહેમમાં ગયા અને એક ધર્મશાળા જોઈએ.
પલી ગભાણમાં અજવાળું છે !
આપણા તારનાર ત્યાં છે હું તેને જોઈશ.

# રાજા જન્મ્યો છે

લુક ૨:૭, ૧૬:૨૦ માત્થી ૨:૧-૮





અને જે કાંઈ જોયું તે માટે ઈશ્વરની સ્તુતિ કરવા લાગ્યા. તેજ વખતે પૂર્વના દૂર દેશમાં લોકોએ આકાશમાં અજાયબી જોઈ.
પેલો નવો તારો તો બધાં કરતાં વધુ ચમકે છે તેનો કોઈ અર્થ હશે.
એ તો ઈશ્વર તરફથી નિશાની છે. યહૂદીઓના મહાન રાજાનો જન્મ થયો છે.
ચાલો આપણે યરૂશાલેમ જઈએ.
મહિનાઓની મુસાફરી કરી જ્ઞાની માણસો યરૂશાલેમ પહોંચ્યા.
યહુદીઓના નવા જન્મેલા રાજાનું અમે ભજન કરવા આવ્યા છીએ તે ક્યાં છે ?
તમારી ભૂલ થાય છે હમણાં તો અહીં કોઈ રાજાનો જન્મ થયો નથી.

જ્યારે જ્ઞાનીઓ રાજાના મહેલે તપાસ કરવા ગયા ત્યારે પોતાની ગાદી બચાવવા ખૂન કરવા જાણીતો હેરોદ રાજા ગભરાયો અને તેણે શાસ્ત્રીઓ તથા યાજકોને બોલાવ્યા.









# રાત્રે જ નાસવું

માંત્થી ૨:૯-૧૪

હેરોદની સૂચના પ્રમાણે જ્ઞાનીઓ બેથલેહેમ જવા નીકળ્યા. ત્યારે તેમણે પૂર્વનો તારો ફરીથી જોયો તે તેમને બેથલેહેમ દોરી ગયો.




બેથલેહેમના લોકોને યૂસફ અને મરિયમના ઘર પાસે થોભતા જ્ઞાની પુરુષોને જોઈ નવાઈ લાગી. તેમણે અંદર જઈને બાળ ઈસુના દર્શન કર્યા.




તે રાત્રે ધર્મશાળામાં જ્ઞાની પુરુષો પાછા વળવાની યોજના ઘડતા હતા.
યરૂશાલેમ જઈને બાળકનો જન્મ કયાં થયો છે તે હેરોદને કહેવાનું મને ગમશે


બીજી સવારે..
મને એક સ્વપ્ન આવ્યું છે.
મને પણ સ્વપ્નમાં પ્રભુએ કહ્યું છે યરૂશાલેમ જશો નહિ કેમકે ઈર્ષાળું હેરોદ બાળકની હત્યા કરવા ચાહે છે


મેં પણ એવું જ સ્વપ્ન જોયું છે આપણે બીજા રસ્તે પાછા જઈશું તેથી હેરોદને કશી ખબર નહિ પડે.



ઈશ્વરની ચેતવણી માત્ર જ્ઞાની પુરુષોને જ મળી એમ નહિ. ઈશ્વરનો દૂત યૂસફને પણ દેખાય છે.
મરિયમ, દૂતે મને કહ્યું છે કે આપણે હમણાં જ મિસર જતા રહીએ હેરોદ ઈસુને મારી નાંખવા ચાહે છે
ઈસુને ? ના..ના...
મધરાતે જ યૂસફ અને મરિયમ ચૂપચાપ નગર છોડી દે છે
યરૂશાલેમમાં હેરોદ જ્ઞાનીઓના પાછા ફરવાની રાહ જોતો હતો પણ તે આવ્યા નહિ તેથી તે સમજી ગયો કે તે બાળકને બચાવવા ચાહે છે
તે બાળક મારી જગા પડાવી શકશે નહિ હું તેને છોડીશ નહિ. હું બેથલેહેમના તમામ બાળકોનો નાશ કરીશ..

# મંદિરમાં બાળક

માત્થી ૨:૧૬-૨૩, લૂક ૨:૪૦-૫૨

પોતાની ગાદી પડાવી લેશે એ બીકે હેરોદે બેથલેહેમના તમામ બાળકોની હત્યા કરાવી દીધી પણ ઈસુ બચી ગયા. થોડા મહિના પછી દૂત ફરીથી યૂસફને દેખાયો અને કહ્યું કે હેરોદ હવે મરી ગયો છે. નાઝરેથ જવામાં હવે વાંધો નથી.






પણ મરિયમ તથા યૂસફ તો નિયમશાસ્ત્રનું પાલન કરતા હતા અને ઈસુને પણ તે વિષે શીખવતા હતા. દર વર્ષે મિસરની ગુલામીમાંથી મુક્તિ દર્શાવતું પાસ્ખાપર્વ પાળવ તેઓ દર વર્ષે નાઝરેથથી યરૂશાલેમ જતા. ઈસુ તો ખૂબ ઉત્સાહથી જતા.



આ વર્ષે ભજન કરતી વખતે ઈસુ આગેવાનોને ઘણા સવાલો પૂછવા ચાહતા હતા.








યૂસફ તથા મરિયમની સાથે પાછો આવીને ઈસુ નાઝરેથમાં ૩૦ વર્ષ રહ્યા. નાઝરેથના લોકોનો તે માનીતો હતો અને કદમાં તથા જ્ઞાનમાં વધતો હતો. તે જ વખતે તેના જેટલી ઉંમરનો એક માણસ ૭૦ માઈલ દૂર અરણ્યમાં પોતાને મળેલી સેવા પૂરી કરી રહ્યો હતો.



# કસોટી

લૂક ૩:૧-૪:૪


ઈસુનો પિતરાઈ સમજણો થયો કે તેના પિતાએ તેને કહ્યું, “પ્રભુએ તને ખાસ સેવા માટે પસંદ કર્યો છે. યોહાન ઈશ્વરની સેવા માટે તૈયાર થતો ગયો માતાપિતાના મરણ પછી તે પ્રાર્થના તથા મનન માટે અરણ્યમાં ગયો. ત્યાં ઈશ્વરે તેના કાર્ય માટે તેને તેડું આપ્યું.
હે પ્રભુ આવનાર તારનારને માટે માર્ગ બનાવવા કરવા હું તૈયાર છું.


યરદનના કિનારે યોહાને સેવાનો આરંભ કર્યો
તમારાં પાપોનો પસ્તાવો કરો અને બાપ્તિસ્મા લો કેમકે ઈશ્વરનું રાજ્ય પાસે આવ્યું છે.


પ્રબોધક જેવા લાગતા આ માણસના સમાચાર ચારેબાજુ ફેલાવા લાગ્યા. યરૂશાલેમથી ટોળેટોળાં આવીને તેનો સંદેશ સાંભળતા. પણ યોહાન બાપ્તિસ્મા કરનાર તેમના મન જાણતો હતો.
તમે યહૂદી છો તેથી ઈશ્વરના રાજ્યમાં જશો એમ તમે માનો છો ? ના. તમારે પસ્તાવો કરવો જોઈએ...
મજાક કરનારા પાછા વળી ગયા પણ કેટલાંક ગંભીરતાથી તેનું સાંભળતા. એક દિવસ યરદન કાંઠે લોકો ભેગા થયા હતા ત્યારે.
શું તું આવનાર મસીહ છે ?
ના, હું પાણીથી તમારું બાપ્તિસ્મા કરું છું. પવિત્ર આત્માથી તમારું બાપ્તિસ્મા કરશે. તે તારનાર આવી રહ્યો છે. તૈયાર રહો.
જેના વિષે યોહાન કહી રહ્યો હતો તે જ ત્યાં ટોળામાં હતો તેની યોહાનને ખબર ન હતી ઈસુ નાઝરેથથી આવ્યો હતો અને બાપ્તિસ્મા લેવા ચાહતો હતો.
તું મારી પાસે બાપ્તિસ્મા શા માટે લે છે ? મારે તારાથી બાપ્તિસ્મા લેવાની જરૂર છે.
યોહાન, આપણે ઈશ્વરના રાજ્યના છીએ તે બતાવવું સારું છે.



તેથી યોહાન ઈસુને બાપ્તિસ્મા આપે છે. ઈસુ પાણીમાંથી બહાર આવ્યા કે તેમની પર કબૂતરની જેમ પવિત્ર આત્મા ઉતર્યો. અને આકાશવાણી થઈ.
આ મારો પ્રિય પુત્ર છે તેના પર હું પ્રસન્ન છું.
શું થયું તેની ટોળાને ખબર પડી નહિ. તેઓએ તારનારને જોયો છે તે જાણ્યા વિના તે ઘેર ગયા. યોહાને ઉપદેશ ચાલુ રાખ્યો કે પસ્તાવો કરો દેવનું રાજ્ય પાસે આવ્યું છે.




ઈસુને માટે પિતાના શબ્દો સંમતિરૂપ હતા અને પવિત્ર આત્માનું દાન પિતાએ કરવા મોકલેલ સેવા માટે સહાયરૂપ હતો. તે જંગલમાં ઈશ્વરના રાજ્યની સ્થાપના વિષે વિચારવા જાય છે.




ચાલીસ દિવસ પછી ઈસુને ભૂખ લાગી ત્યારે દિવ્ય શક્તિનો પોતાને માટે જ ઉપયોગ કરવા લલચાવતો શેતાનનો અવાજ તેમણે સાંભળ્યો, "જો તું ઈશ્વરનો દીકરો હોય તો આ પથ્થરને કહે કે તે રોટલી બની જાય. પ્રભુ પોતાના દીકરાને ભૂખ્યો નહિ રાખે."
ઈશ્વરનું વચન કહે છે કે માણસ એકલી રોટલીથી નહિ પણ હરેક વચન જે પ્રભુના મુખમાંથી નીકળ્યું છે તેનાથી જીવશે."
શેતાન એમ સરળતાથી છોડે તેવો નથી તે ફરીથી પ્રયત્ન કરે છે અને આ વખતે તે વધારે મોટી લાલચ લાવે છે...

# અરણ્યમાં વિજય


ઈસુને ઈશ્વરનું કાર્ય કરતા અટકાવવા શેતાન તેમને જગિક પરાક્રમ પામવા લલચાવે છે પણ ઈસુ ના પાડે છે. શેતાન ફરીથી પ્રયત્ન કરે છે આ વખતે તે કાંઈ ઉશ્કેરાટભર્યું કરવા લલચાવે છે.
"મંદિરના બૂરજ પરથી નીચે કૂદી પડ એટલે લોકો તારી દિવ્ય શક્તિ જોઈ શકશે." શેતાને કહ્યું, "જો તું ઈશ્વરનો દીકરો હોય તો દૂતો તને સંભાળી લેશે."
વચન કહે છે, "તારા પ્રભુની પરીક્ષા ન કર."


તમામ પરીક્ષણોનો નકાર કર્યા પછી ઈસુ અરણ્યમાંથી યરદનને પેલે પાર બેથાની આવે છે.


ઈસુ બેથાનીમાં આવે છેત્યારે યોહાન બાપ્તિસ્મા કરનાર પોતાના બે શિષ્યો તેને બતાવે છે.
મેં તમને જે તારનાર વિષે કહ્યું હતું તે આ રહ્યો.
બંને શિષ્યો તરત જ ઈસુની પાછળ ગયા
ગુરુજી, અમે તમારી સાથે વાત કરીએ ?
હા, મારા સેવાના સ્થાને આવો.
ઈસુની સાથે વાતો કરવામાં કલાકો જતા રહ્યા અચાનક આંદ્રિયાને યાદ આવ્યું.
મારો ભાઈ ! તે પણ યોહાન બાપ્તિસ્મા કરનારને સાંભળવા અહીં આવ્યો હતો. હું તેને બોલાવી લાવું
જ્યાં તેઓ ઉતર્યા હતા તે ઘેર આંદ્રિયા દોડી ગયો.
સીમોન, મને મસીહ મળી ગયા છે !


સીમોન આતુરતાથી બેથાનીની ગલીઓમાં થઈને તેની પાછળ આવ્યો.
આ મારો ભાઈ સીમોન છે !
હા, તું સીમોન છે પણ હવે તું પીતર કહેવાશે કેમકે તું પથ્થર સમાન થશે
બીજા દિવસે ઈસુ ઉત્તર ગાલીલમાં જાય છે ત્યાં ફીલીપ નામના બીજા યુવાનને તેની સાથે આવવા બોલાવે છે.


ફીલીપ પણ આંદ્રિયાની જેમ આમંત્રણ સ્વીકારે છે અને આ શુભ સમાચાર આપવા તે પોતાના મિત્ર પાસે જાય છે
નાથાનાએલ, ચાલ મને મસીહ મળ્યાં છે. તે નાઝરેથના ઈસુ છે !
નાઝરેથ ? શું નાઝરેથમાંથી કાંઈ સારું આવી શકે ?


જો તું કહે છે તે સાચું હોય તો તેની પાછળ જવા કોઈ પણ સર્વસ્વ છોડી દે.
તું જ આવીને જોઈ લે.


નાથાનાએલ ઈસુને જુએ છે પણ માનતો નથી.પછી ઈસુએ કહ્યું-

# પાણીના છ કૂંડા

યોહાન ૧:૪૭-૫૧, ૨:૧-૧૧, ૨૩-૨૫, ૩:૧-૨




ત્યાં ઈસુને એક મિત્રે બોલાવ્યા
મારા લગ્ન પ્રસંગમાં આવો. તમારી માતા પણ ત્યાં જ છે.
આભાર. તમારા આનંદમાં સહ ભાગી થવાનું મને ગમશે.
મિજબાનીના સમયે ઈસુની માતાએ વરની મુશ્કેલી જોઈ. દ્રાક્ષારસ ખલાસ હતો. તે ઈસુને કહીને નોકરો પાસે ગઈ.
તે જે કાંઈ કહે તે કરો.
આ કુંડા પાણીથી ભરો.
પાણી ? અરે આપણે તો દ્રાક્ષા-રસની જરૂર છે !
પણ ઈસુની વાણીમાં તેમને કોઈ અજબ સત્તા જણાઈ અને તેઓએ તેમ કર્યું.
હવે તેમાંથી લઈને જમણના અધિકારીને આપો.
અરે આ તો દ્રાક્ષારસ, છે ? ચમત્કાર થયો !
આ માણસ ઈશ્વરનો પ્રબોધક જ હશે કોઈ સામાન્ય માણસ આ કરી શકે નહિ.


દ્રાક્ષારસ ચાખીને જમણનો અધિકારી એટલો બધો ખુશ હતો કે તેણે વરને મિજબાનીમાંથી બોલાવીને કહ્યું
સામાન્ય રીતે લોકો સારો દ્રાક્ષારસ જ પહેલાં આપે છે પણ તેં તો છેવટ સુધી તે જાળવી રાખો છે
લોકોને આનંદ મળે તે મને ગમે છે
આ ચમત્કાર વિષે સાંભળીને ઈસુના શિષ્યો પણ ગેલમાં આવી ગયા. પાસ્ખા માટે યરૂશાલેમ જતાં તેઓ તેની ચર્ચા કરતા હતા. નગર લોકોથી ઉભરાતું હતું તેમણે યોહાનના સંદેશ વિષે સાંભળ્યું હતું તેઓ પૂછતા હતા "મસીહને આપણે કેવી રીતે ઓળખીશું ?"


ઈસુ ગલીઓમાં લંગડા તથા માંદાઓને સાજા કરે છે.
હું ચાલી શકું છું ઈશ્વરની સ્તુતિ થાઓ ! આ માણસે મને સાજો કર્યો છે !


આ ચમત્કારોને લીધે લોકો વિચારતા હતા કે શું આ જ મસીહ છે ? એક રાત્રે શેરીઓ શાંત પડી ગયા પછી
યહુદી ન્યાયાધીશ ગુપ્ત ધ્યેય સાથે બહાર નીકળે છે

# ન્યાયાધીશનો પ્રશ્ન

યોહાન ૩:૩-૪:૬




તું એકવાર જગિક માતાપિતાથી જન્મ્યો છે પણ ઈશ્વરના રાજ્યમાં આવવા માટે તારે ઈશ્વરના આત્માથી જન્મ પામવો પડે.
મને તો સમજાતું નથી.
તમે પવન જોઈ શકતા નથી પણ તેના કામને જોઈ શકો છો તે જ રીતે તમે ઈશ્વરના આત્માને જોઈ શકતા નથી પણ તેના જીવનને જોઈને તે નવો જન્મ પામેલો છે અને તેના હૃદયમાં ઈશ્વરનો આત્મા છે તે જાણી શકો છો. ઈશ્વર જગત પર પ્રેમ કરે છે અને મને મોકલ્યો છે. જે કોઈ મારા પર વિશ્વાસ કરે તેને હું નવું જીવન આપું.
મુંઝાયેલો નીકોદેમસ પાછો વળ્યો પણ તે ઈસુ તથા તેના શિક્ષણને વધારે જાણવા ચાહે છે.
ઈસુએ જોયું કે યરૂશાલેમના ઘણા લોકો તેને મસીહ તરીકે સ્વીકારવા તૈયાર નથી તેથી તે નગર છોડીને યહુદામાં જાય છે ત્યાં લોકોને ઈશ્વરના રાજ્ય વિષે કહે છે. તેઓ ધ્યાનથી તેનું સાંભળે છે.
આ શિક્ષક અન્યો કરતાં મહાન છે.
ઈસુની સફળ સેવાના સમાચાર યોહાન બાપ્તિસ્મા કરનાર પાસે પહેચે છે.
મેં સાંભળ્યું છે કે ઈસુ પ્રતિદિન વધારે જાણીતો થતો જાય છે.
પ્રભુનો આભાર તેના માટે માર્ગ તૈયાર કરવાનું કાર્ય મેં પૂરું કર્યું છે તેનો પ્રભાવ વધતો જાય પણ મારો પ્રભાવ ઘટતો જાય.



થોડા વખત પછી ઈસુને તેના વિશ્વાસુ મિત્ર વિષે સમાચાર મળે છે.
બળવો કરવાના આરોપસર હેરોદ રાજા યોહાન બાપ્તિસ્મા કરનારને જેલમાં નાંખે છે.
બળવો ? ના, ખરું કારણ તો હેરોદની તેના ભાઈની પત્ની વિષે યોહાને ટીકા કરી તે જ છે.
પછી ઈસુએ પોતાની સેવાને વિસ્તારવાનો નિર્ણય કર્યો તે ઉત્તર સમરૂનમાં આવેલ ગાલીલ તરફ જવા નીકળ્યા.
સમરૂન પાસે આવતાં ઈસુએ તેમના શિષ્યોને ભોજન ખરીદવા આગળ મોકલ્યા.
સમરૂનમાં થઈને ગાલીલમાં જવાનો માર્ગ ટૂંકો છે પણ સમરૂનીઓ યહુદીઓને ધિક્કારતા હોય ત્યારે ત્યાંથી જવામાં ડહાપણ ખરું ?
જ્યારે ઈસુ કૂવા પાસે થાક ઉતારતા હતા ત્યારે એક સ્ત્રી પાણી ભરવા આવી.
યહૂદી ! શું તેને ખબર નથી કે સમરૂનમાં કોઈ તેનો ભાવ નહી પૂછે ?

# શત્રુના પ્રદેશમાં

**યોહાન ૪:૬-૪૪, લૂક ૪:૧૬-૨૮**

લગભગ ૫૦૦ વર્ષોથી યહૂદીઓ અને સમરૂનીઓં વચ્ચે દુશ્મનાવટ હતી તેથી ઈસુએ પીવા માટે પાણી માંગ્યું ત્યારે તે સ્ત્રીને બહુ નવાઈ લાગી.






જ્યારે સ્ત્રી નગરમાં હતી ત્યારે શિષ્યોએ આવીને તેમણે ખરીદેલ ભોજન લેવા કહ્યું.







સાબ્બાથવારે તે નાઝરેથના સભાસ્થાનમાં ગયા. ત્યાં તેણે મસીહ વિષે યશાયા પ્રબોધકના પુસ્તકમાંથી વાંચ્યું અને કહેવા લાગ્યા.
"આજે આ વચન પૂરું થયું છે"
તું મસીહ? અરે, તું તો નાઝરેથના સુથારનો દીકરો છે!
કોઈ પણ પ્રબોધકને તેના પોતાના દેશમાં માન મળતું નથી. યાદ કરો એલીશાના સમયમાં ઈસ્ત્રાએલમાં ઘણા કોઢિયા હતા પણ પ્રબોધકે એક પરદેશી નામાનને જ સાજો કર્યો હતો.
પસંદ કરેલા લોકો કરતાં પ્રભુ વિદેશીઓને વધુ માન આપશે તે વાતથી ભજન કરનારાઓ ક્રોધે ભરાયા.
તેને અહીંથી ભગાડો
તેને મારી નાંખો!


પણ અચાનક ઈસુ તેને ૩૦ વર્ષથી ઓળખનાર
લોકોની આંખોમાં જોવા લાગ્યો અને પછી
તેમની વચ્ચેથી નીકળી ગયો.
કોઈ તેને અડવાની પણ
હિંમત કરી શક્યું નહિ.
નાઝરેથથી ઈસુ કાપરનાહૂમ ગયા. ત્યાં યરદનના
કિનારે તેણે ભાઈઓને જોયા.
પીતર ! આંદ્રિયા ! મારી
પાછળ આવો હું તમને માણસોને
પકડનારા બનાવીશ.
ઓ તરત જ તેમની જાળો મૂકીને ઈસુની
ાછળ ગયા. આગળ જતાં ઈસુએ બીજા બે
જણને જોયા. તે યાકૂબ તથા યોહાન હતા.
મારી પાછળ આવો.
મારા શિષ્યો બનો

# છતમાંથી...

માર્ક ૨:૧-૧૨









ફરોશીઓ શું વિચારતા હતા તે ઈસુ જાણતા હતા.







મારાં પાપ માફ થયાં છે ! હું સાજો થયો છું. પ્રભુ મહિમા હો!


મેં આવું કદી જોયું નથી
મેં પણ. તે મસીહ છે એવું કહેવા ચાહતો હોય તો તે રોમનોને ઉથલાવતો કેમ નથી ?


ઈસુ ત્યાંથી નીકળીને બહાર ગયા તે જ્યારે જકાતનાકા પાસે આવ્યા ત્યારે
તમે કર લેનારાઓ તો લૂંટારા છો. તમને ખબર છે કે મારાથી એ કર અપાય તેમ નથી.
તારે તે આપવો જ પડશે. યાદ રાખ રોમન સત્તા મારી પડખે છે.

# એક માણસનો ઉત્તર

માત્થી ૯:૯-૧૩, ૧૨:૯-૧૪

કફરનાહૂમમાં રોમી કર ઉઘરાવનાર માત્થીને સૌ ધિક્કારતા હતા. એક વાર તે એક યહૂદી સાથે કર વિષે દલીલો કરતો હતો ત્યારે ઈસુ ત્યાં આવ્યા. તેમણે તે તિરસ્કૃત દાણીની આંખોમાં આંખ પરોવીને જોયું.





લોકો જોતા જ રહ્યા અને માત્થી ઈસુની પાછળ ચાલવા લાગ્યો.
માની શકાય એવું નથી. માત્થી તો નોકરી છોડીને પેલા સંત પાછળ ચાલ્યો
નવાઈની વાત છે કોઈપણ યહૂદી માત્થીને મિત્ર બનાવે નહી.
ઈસુ સાથે નવા જીવનનો આરંભ કરી માત્થી એટલો ખુશ હતો કે તેણે મોટી મિજબાની આપી તેમાં તેણે પોતાના મિત્રોને ઈસુને મળવા બોલાવ્યા. તે જોઈ કેટલાક ફરોશીઓને નવાઈ લાગી.
તમારો ગુરૂ આ સર્વ પાપીઓ જોડે કેમ જમે છે?
શિષ્યને બદલે ઈસુ ઉત્તર આપે છે
માંદાઓને જ વૈદની જરૂર હોય છે હું ન્યાયીઓને નહિ પણ પાપીઓને પસ્તાવો કરવા તેડવા આવ્યો છું.
ફરોશીઓ પાસે તેનો કોઈ જવાબ ન હતો પણ તેથી તો તેઓ વધુ ગુસ્સે થયા તેથી ઈસુનો વાંક શોધવા તેઓ તેની પાછળ જતા હતા એક સાબ્બાથવારે સભાસ્થાનમાં....
જુઓ, પેલા સૂકાઈ ગયેલા હાથવાળા સાથે ઈસુ વાત કરે છે. સાબ્બાથનો તે ભંગ કરે તો તેની વિરુદ્ધ પૂરાવો મળશે..


સાબ્બાથવારે સાજા કરવા ઉચિત છે ??
જો તમારું ઘેટું સાબ્બાથવારે જ ખાડામાં પડી જાય તો શું તમે તેને બહાર કાઢશો નહિ? માણસ ઘેટાં કરતાં વધુ મૂલ્યવાન નથી ? તારા પ્રશ્નનો જવાબ છે હા. સાબ્બાથવારે ભલું કરવું તે ઉચિત જ છે.


પછી બધા ફરોશીઓના દેખતાં પેલા માણસને હાથ લંબાવવા કહ્યું
મારો હાથ..તે તો સાજો થઈ ગયો છે. પ્રભુએ મારી પ્રાર્થનાઓનો ઉત્તર આપ્યો છે.


પોતાની હારથી ક્રોધિત થયેલા ફરોશીઓ ત્યાંથી જતા રહ્યા.
એ માણસનો જલ્દીમાં જલ્દી નાશ થવો જોઈએ.
તારી વાત સાચી છે પણ તેની વિરુદ્ધ મજબૂત કારણ હોવું જોઈએ નહિ તો લોકો આપણી સામા થશે.

# પહાડ પરનો ઉપદેશ

લૂક ૬:૧૨-૧૬, માત્થી ૫,૬,૭, ૮:૫-૧૩, ૧૩:૪૫-૪૬.

ફરોશીઓ તેનો જીવ લેવાનો પ્રયત્ન કરે છે તે ઈસુને ખબર હતી પણ તેથી ઈશ્વરના કામને પૂરું કરતાં તે અટકવાના ન હતા. તે નજીકના પર્વત પર જઈને આખી રાત પ્રાર્થના કરતા હતા.




સવારે તેમણે શિષ્યોને બોલાવ્યા અને તેમાંથી બાર જણને પૂર્ણ સમય સહાયકર્તા તરીકે પસંદ કર્યા. સીમોન પીતર, આંદ્રિયા, યાકૂબ, યોહાન, ફીલીપ, નાથાનાએલ, બારથલોમી, માત્થી, થોમા, આલ્ફીનો દીકરો યાકૂબ, થાદી, સીમોન ઝલોતસ, યહૂદા ઈસ્કારિઓત આ બાર પ્રેરિતો તરીકે જાણીતા છે.



પહાડ પરથી ઉતર્યા પછી લોકોનો વિશાળ સમુદાય તેમણે જોયો. ઈસુએ તેમને ઉપદેશ આપતાં ઈશ્વરના રાજ્યના સભ્યો વિષે કહ્યું. દયાળુઓને ધન્ય છે કેમકે તેઓ દયા પામશે. મનમાં જેઓ શુદ્ધ છે તેઓ ધન્ય છે કેમકે તેઓ ઈશ્વરને જોશે. સમાધાન કરાવનારાઓને ધન્ય છે કેમકે તેઓ ઈશ્વરના દીકરા કહેવાશે. તમે જગતનું અજવાળું છો. માણસો સમક્ષ તમારું અજવાળું એવું પ્રકાશવા દો કે તમારી રૂડી કરણીઓને જોઈને તેઓ ઈશ્વર પિતાની સ્તુતિ કરે. તમારા શત્રુઓ પર પ્રેમ કરો. તમને શાપ દે તેમને આશીર્વાદ આપો. તમને ધિક્કારનારાઓનું ભલું કરો અને તમને સતાવનારાઓ માટે પ્રાર્થના કરો. આકાશમાંના તમારા પિતાના સંતાનો જેવા થાઓ કેમકે તે ભલા અને ભૂંડાં બંને પર સૂર્ય ઊગાડે છે અને ભલા તથા ભૂંડાને વરસાદ આપે છે. જે જે તમે ચાહો છો કે બીજા માણસ તમને કરે તે તે તમે પણ તેઓને કહો કેમકે નિયમશાસ્ત્ર તથા પ્રબોધકોની વાતોનો સાર એ જ છે.

*(પૂર્ણ પહાડ પરના ઉપદેશ માટે માત્થી ૫, ૬, ૭ અધ્યાય વાંચો).*




ઉપદેશ પછી તેઓ કાપરનાહૂમ પાછા ફર્યા ત્યાં એક રોમન અધિકારીએ તેમને રોક્યા.
ઈસુ, મારો નોકર માંદો છે. તમે તેને સાજો કરશો ?
હું તારી સાથે આવીશ
તમે મારા ઘેર પધારો એવો હું યોગ્ય નથી પણ તમે એક શબ્દ બોલશો તો મારો નોકર સાજો થઈ જશે.
આખા ઈસ્રાએલમાં મેં આવો મારો વિશ્વાસુ માણસ જોયો નથી તારા નોકર પાસે પાછો જા. તારા વિશ્વાસ પ્રમાણે થશે.
અધિકારી તરત જ ઘેર જાય છે.
માલિક, જુઓ હું સાજો છું થોડી પળે પહેલાં જ એ થયું.
તમને નવાઈ નથી લાગતી ?
ના. કેમકે ઈસુ તને સાજો કરશે એવો મને વિશ્વાસ કર્યો હતો.


ફરોશીઓ ઈસુ વિરુદ્ધ કાવતરું કરતાં હતા તોપણ ઈસુએ કાપરનાહુમમાં ઉપદેશ ચાલુ રાખ્યો હતો. એક દિવસ ઘણાં લોકો એકઠાં થયા ત્યારે ઈસુએ હોડીમાં બેસીને કિનારેથી થોડે દૂર લેવા કહ્યું :
એક વેપારીએ એક સુંદર મોતી જોયું તેને તે જોઈતું જ હતું. તે ખરીદવા માટે તેણે પોતાનું સર્વસ્વ વેચી દીધું. ઈશ્વરનું રાજ્ય પણ એ મોતી જેવું છે. તેના માટે તમારું સર્વસ્વ આપી દેવું યોગ્ય છે.
સાંજ પડી ત્યારે ઈસુએ શિષ્યોને સરોવરને પેલે કિનારે જવા સૂચના આપી.
અચાનક તોફાન આવી પડે તેવી રાત્રિ છે.

# સમુદ્ર કાંઠે ગાંડો માણસ

માર્ક ૪:૩૭-૪૧, ૫:૧-૨૪, ૩૫-૪૩.








બીકથી શિષ્યો હોડીમાં જોવા લાગ્યા.
ગુરુજી ! અમે ડૂબીએ છીએ !
ઈસુ ઊભા થઈને તોફાનને હુકમ કરે છે
શાંત થઈ જા.
તરત જ પવન થંભી ગયો અને મોજાં શાંત થઈ ગયા.
આ માણસ કોણ છે ? પવન અને સમુદ્ર પણ તેનું માને છે ?
સવારે હોડી કિનારે પહોંચી અને શિષ્યો ઈસુ સાથે નીચે ઊતર્યા કે તરત જ એક ભૂત વળગેલો માણસ ત્યાં દોડી આવ્યો.
સંભાળજો ! તેણે સાંકળો તોડી નાંખી છે !







થોડીવાર પછી ઈસુ તથા શિષ્યો કાપરનાહુમમાં પાછા આવ્યા. ફરીથી લોકો તેને સાંભળવા ભેગા થયાં ત્યાં જ સભા સ્થાનનો અધિકારી યાઈરસ ટોળામાંથી માર્ગ કરીને આવ્યો અને ઈસુના ચરણોમાં પડી ગયો.






# મજાક કરનાર ટોળું

માર્ક ૫:૩૮-૪૩, માત્થી ૯:૩૫-૧૧:૧, ૧૪:૧-૨
યોહાન ૬:૧-૭

જ્યારે શિષ્યો યાઈરસના ઘેર પહોંચ્યા ત્યારે તેના ઘેર રડનારાઓનું મોટું ટોળું ભેગું થયું હતું કેમકે તેની દીકરી મરી ગઈ હતી




ઈસુ શાંતિથી બાળકીના ઓરડામાં જાય છે ત્યાં તેનો હાથ પકડીને કહે છે કે ઊઠ તરત જ તે ઊઠે છે અને ઈસુને આશ્ચર્યથી જોઈ રહે છે.
તેને કાંઈ ખાવાનું આપો પણ અહીં શું બન્યું તે વિષે કોઈને કહેતા નહી
પણ યાઈરસ તો મહત્વનો માણસ હતો તેની છોકરીના સાજા થવાના સમાચાર ઝડપથી ફેલાઈ જાય છે. ઈસુ ગાલીલમાં ઉપદેશ કરતા તથા સાજા કરતા ગયા. ફરોશીઓ તે ક્રોધથી જોતા. તેમની પાસે ટોળાને તેની વિરુદ્ધ ઉશ્કેરવાનો કોઈ ઉપાય ન હતો.
પણ ઈસુને હજી જેમણે ઈશ્વરના રાજ વિષે સાંભળ્યું ન હતું તેવા લોકો માટે બોજ હતો. તેમણે પોતાના શિષ્યોને બોલાવ્યા.
આ લોકો પાળક વિનાના ઘેટાં જેવા છે. તમે બે બેની જોડીમાં જઈને તેમને ઉપદેશ આપો અને સાજાં કરો. તમારે શું કહેવું તેની ચિંતા કરશો નહિ કેમકે ઈશ્વરનો આત્મા તમારા દ્વારા બોલશે.
શિષ્યોએ ગાલીલમાં પ્રચાર કર્યો. તેઓ પાછા આવ્યા ત્યારે ઈસુ તેમની સાથે ભાવિ યોજનાની વાતો કરવા એકાંત સ્થળે લઈ જાય છે. તેવામાં યોહાન બાપ્તિસ્મા કરનારનો શિષ્ય કરુણ સમાચાર લાવે છે.
હેરોદે યોહાનનો શિરચ્છેદ કર્યો છે.
હેરોદ દુષ્ટ માણસ છે પણ આ કામ તો તેનું મોટું પાપ છે.


યોહાન કરતાં મોટો કોઈ પ્રબોધક નથી તેણે ઈશ્વરની ઇચ્છા પૂરી કરવામાં જીવન ગાળ્યું.
દુઃખી મને ઈસુ અને તેમના શિષ્યો પહાડોમાં એકાંતમાં જાય છે પણ લોકોનાં ટોળાં તેમની પાછળ આવે છે. ઈસુ તેમને સાંજ સુધી ઉપદેશ આપે છે અને સાજાં કરે છે.
ફીલીપ, આ લોકોને માટે ખોરાક ક્યાંથી લાવીશું?
આ બધાં માટે? અરે આતો ૫૦૦૦ જેટલાં માણસો છે સ્ત્રીઓ તથા બાળકો તો જુદાં.
આ છોકરાં પાસે પાંચ રોટલી અને બે માછલી છે પણ તેથી શું થાય?
લોકોને પંગતમાં બેસાડો અને તે ખોરાક મને આપો.

# જાતનું રાજ નહિ

યોહાન ૬:૧૦-૧૫, માત્થી ૧૪:૨૩-૩૦












પણ પ્રભુએ તો ઈસુને તારનાર થવા મોકલ્યા હતા. તેમનું કામ માણસોને ઈશ્વરના રાજ્યમાં લાવવાનું હતું. સેનાધિપતિ બનીને રાજ્યો જીતવાનું ન હતું. લોકો પોતાને રાજા બનાવવા ચાહે છે એવું ઈસુએ જોયું ત્યારે તેણે પોતાના શિષ્યોને બોલાવ્યા.









અચાનક તેમણે પાણી પર ચાલતી આકૃતિ જોઈ. બીકથી તેઓ ચીસ પાડી ઊઠયા, "ભૂઉ...ત.." મોજાં ઉપર થઈને એક શાંત અવાજ સંભળાયો, "એતો હું છું બીશો મા."






# સમુદ્ર પર ચમત્કાર

માત્થી ૧૪:૩૦-૩૬ યોહાન ૬:૨૨-૭૧

માર્ક ૭:૧-૨૩ માત્થી ૧૬:૧૩-૨૬ ૧૭:-૧, ૨

ગાલીલના સમુદ્ર પર ભારે પવનો રાતનું તોફાન લાવે છે. શિષ્યો જોરથી હલેસાં મારી રહ્યા હતા ત્યારે તેમણે તેમની તરફ એક આકારને આવતો જોયો. તેઓ ડરી ગયાં પણ તે તો ઈસુ છે એવું તેમણે જાણ્યું. પીતર હોડીમાંથી ઉતરીને ઈસુ તરફ ચાલ્યો. પણ મોજાં જોઈને તેનો વિશ્વાસ ડગી ગયો.




ઈસુએ પીતરને બચાવ્યો અને તેઓ હોડીમાં ચઢયા કે તરત જ પવન થંભી ગયો અને સમુદ્ર શાંત પડી ગયો.
જે ઈશ્વર પાસેથી આવ્યો હોય તે જ ઈસુ જેવું કામ કરી શકે !
પ્રાત:કાળે શિષ્યો કિનારે આવ્યા અને તેમને જોઈને લોકો માંદા તથા અપંગોને ઈસુ પાસે લાવવા લાગ્યા. ઈસુએ પ્રેમ તથા ધીરજથી તેમને સાજા કર્યા.
જો તેના વસ્ત્રને અડકવાનું મળે તો મને ખબર છે હું સાજી થઈ જઈશ
તે દિવસે મોડેથી ઈસુ કાપરનાહૂમના સભાસ્થાનમાં ગયા. આગલા દિવસે જેમણે ભોજન લીધું હતું તેઓ ફરીથી માંગવા લાગ્યા. ઈસુ તેમની આત્મિક જરૂરિયાતો વિષે ઉપદેશ કરવા લાગ્યા હતા ત્યારે ઘણાં નિરાશ થઈને પાછા વળી ગયા.
આ જોઈને ફરોશી ઈસુની જાહેરમાં ટીકા કરવા લાગ્યા.
તમારા શિષ્યો તો હાથ ધોયાં વિના જ ખાય છે. નિયમો તોડીને તેઓ અશુદ્ધ કેમ થાય છે ?
મુખમાં જે જાય છે તેનાથી નહિ પણ જે ભૂંડા શબ્દો માણસના મુખમાંથી નીકળે છે તેનાથી જ માણસ અશુદ્ધ થાય છે.


ઈસુને પોતાના શિષ્યોનો બચાવ કરતા જોઈને આઘાત પામેલા ફરોશીઓ ઈસુનો નાશ કરવા તત્પર બને છે.
તમે ફરોશીઓને ગુસ્સે કેમ કર્યા ?
ફરોશીઓ ઈશ્વરની ઇચ્છા પ્રત્યે આંધળા છે અને લોકોને પણ આંધળા કરી રહ્યા છે
મોટા ભાગના લોકો ઈસુને જગિક રાજા તરીકે સ્વીકારે છે તેથી તે ગાલીલ જવા નીકળે છે. તે શિષ્યોને ફીનીકે લઈ જાય છે. ત્યાંથી કાઈસારીયા ફીલીપી જઈને ઉપદેશ આપે છે. એક દિવસ તે પૂછે છે, "લોકો મારે વિષે શું કહે છે ?"
યોહાન બાપ્તિસ્મા કરનાર એલીયાહ...
પણ તમે મારા વિષે શું માનો છો ?
તમે ખ્રિસ્ત, જીવતા ઈશ્વરના, પુત્ર છો.
પીતર, તને ધન્ય છે કેમકે આકાશમાંના મારા પિતાએ તને તે બતાવ્યું છે.
હવે શિષ્યો સમજ્યા કે વચનનો ખ્રિસ્ત તે જ છે. પોતે યરૂશાલેમ જશે ત્યારે શું થશે તે વિષે ઈસુ તેમને કહે છે.
હું ખ્રિસ્ત છું એવું ફરોશીઓ તથા શાસ્ત્રીઓ માનતા નથી તેઓ મને મારી નંખાવશે પણ ત્રીજા દિવસે હું પાછો ઊઠીશ.


મારી નંખાવશે? કદી નહી.
પીતર મારા વિષે ઈશ્વરની યોજના તું જાણતો નથી. હું તમને ચેતવી દઉં છું. જો તમે મારી પાછળ આવવા ચાહો છો તો તમારે મારી જેમ દુઃખ સહેવું પડશે.
ઈસુએ તેમને કહ્યું હતું તોપણ ઈસુ મરણ પામશે તેવું શિષ્યો માનતા ન હતા તે માનતા હતા કે તેમણે જેમ બીજાને મદદ કરી છે તેમ તે પોતાને પણ કરશે જ. કેટલાક દિવસો પછી ઈસુએ પીતર, યોહાન તથા યાકૂબ સાથે વાત કરી.
, મારી સાથે પહાડ પર આવો
પણ શું કામ હશે?
પહાડની ટોચે પહોંચ્યા પછી ઈસુ એક તરફ પ્રાર્થના કરવા જાય છે. શિષ્યો થાક ખાવા બેઠા તો ખરા પણ થોડીવારમાં જ ઊંઘવા લાગ્યા. જ્યારે તેઓની આંખો ખુલી તો તેમણે ભારેસુંદર તથા અદ્ભૂત દૃશ્ય જોયું.

# દીકરો તથા તેના પિતાનો વિશ્વાસ

માત્થી ૧૭:૭-૧૩ માર્ક ૯:૩૩ લૂક ૯:૩૭-૪૫







શિષ્યો એટલા બધાં ડરી ગયા હતા કે તેઓ ભૂમિ પર પડી ગયાં પણ ઈસુએ નીચા વળીને તેમને સ્પર્શ કર્યો
બીશો નહિ
બીજી સવારે ઈસુ શિષ્યોને ચેતવે છે કે પુનરુત્થાન સુધી તેમણે કોઈને પણ પરિવર્તનની વાત કરવી નહિ પોતે જે કાંઈ જોયું હતું તેથી ઈસુ મરણ પામી શકે એવું તેઓ માની શકતા જ ન હતા તો પછી ઈસુ પુનરૃત્થાનની શી વાત કરે છે ?
તેઓ નીચે પહોંચ્યા ત્યારે તેમણે મોટું ટોળું જોયું.
ઈસુને જોઈને લોકો તેમને વીંટળાઈ વળ્યા
મારા દીકરાને ભૂત વળગ્યું છે તે ઘણીવાર આગમાં ધસી જાય છે. તમારા શિષ્યો પાસે હું તેને લાવ્યો પણ તેઓ કાંઈ કરી શક્યા નહી
તારા દીકરાને મારી પાસે લાવ.
પિતા તરત જ માને છે પણ ભૂત વળગેલો છોકરો ઈસુના પગ આગળ જ પડી જાય છે
થઈ શકે તો અમારી મદદ કરો
વિશ્વાસ કરનારને માટે સઘળું શક્ય છે
હું વિશ્વાસ કરું છું પણ. વધારે વિશ્વાસ કરવા મારી મદદ કરો.
અશુદ્ધ આત્મા, આ બાળકમાંથી બહાર આવ.







જ્યારે એકલા પડયા ત્યારે શિષ્યોએ ઈસુને પૂછ્યું.




પાછળથી કાપરનાહુમ જતાં ઈસુ જે રાજ્યની જલ્દી સ્થાપના કરવાના હતા તેની ચર્ચા શિષ્યો કરતા હતા. તરત જ તેના રાજ્યમાં કોણ સૌથી મોટું હશે તે વિષે તકરાર કરવા લાગ્યા.



# સાત ગુણ્યા સિત્તેર વાર

માત્થી ૧૮:૧-૪, ૨૧, ૨૨, યોહાન ૭:૧૧-૫૨, ૮:૨૧-૫૯

કફરનાહૂમના માર્ગમાં ઈસુ જે રાજ્યની સ્થાપના કરવાના છે તેમાં સૌથી મહત્વની વ્યક્તિ કોણ હશે તે વિષે તકરાર કરતા હતા નગરમાં પહોંચ્યા પછી ઈસુએ તેમને તકરાર વિષે પૂછ્યું તો તેમને શરમ લાગી. ઈસુએ તેમની આગળ એક નાના બાળકને બોલાવ્યો.




અને જો તમારે કોઈની સાથે તકરાર થાય તો તરત જ તેની સાથે વાત કરો તે માની જાય તો તમે એક મિત્રને જીતી લીધો છે.
જેણે મારું ભૂડું કર્યું હોય તેને મારે કેટલી વાર માફ કરવાનો ? શું સાતવાર ?
ના પીતર, સાત ગુણ્યા સિત્તેરવાર, અથવા પ્રભુ તને જેટલી વાર માફ કરે એવું તું ચાહે છે તેટલીવાર.
કાપરનાહુમથી ઈસુ દક્ષિણ યહુદામાં યરૂશાલેમ પહોંચે છે. મોટા પર્વના સમયમાં તે ઉપદેશ કરે છે અને લોકો નવાઈ પામે છે.
શું ઈસુ તે મસીહ છે ?
અગાઉ કોઈએ કદી ન કર્યા હોય તેવા કામ કરતો મેં તેને જોયો છે.

પ્રમુખ યાજક અને ફરોશીઓ લોકોની ચર્ચા સાંભળીને ઈસુના વિરોધીઓમાં ભળી જાય છે.







પર્વના છેલ્લા દિવસે અધિકારીઓ યાજકો અને ફરોશીઓ પાસે પાછા આવે છે.




ઈસુ મંદિરમાં ઉપદેશ કરવા પાછા આવે છે તે યાજકો તથા ફરોશીઓના પાપો પ્રગટ કરે છે એટલું જ નહિ પણ તે ઈશ્વરની સાથે ઈબ્રાહીમ કરતાં પણ અગાઉ હતા તેવું જાહેર કરે છે.



# યરૂશાલેમનો ભિખારી ઈશ્વરના પુત્રને મળે છે

યોહાન ૯:૧-૧૦, લૂક ૧૦:૨૫







પણ હું જ તે માણસ છું ઈસુએ મને દૃષ્ટિ આપી છે !
પડોશીઓને ચિંતા થતી હતી કેમકે તેને સાબ્બાથવારે સાજો કર્યો હતો તેઓ તેને ફરોસીઓ પાસે લઈ ગયા. કેમકે નિયમોના અર્થઘટન તેઓ જ કરતા હતા.
જે ઈસુની તું વાત કરે છે તે તો પાપી છે તે સાબ્બાથના નિયમો પાળતો નથી.
તે પાપી છે કે નહિ તેની મને ખબર નથી. પણ એકવાત હું માનું છું કે હું આંધળો હતો પણ હવે દેખી શકું છું
ફરોશીઓએ તે માણસને ઈસુની વિરુદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો પણ તે થયો નહિ તેથી તેમણે તેને કાઢી મૂક્યો. ઈસુ તે જાણીને તેને શોધી કાઢે છે.
શું તું ઈશ્વરના પુત્ર પર વિશ્વાસ કરે છે?
તે કોણ છે? હું તેના પર વિશ્વાસ કરીશ.
તારી સાથે જે વાત કરે છે તે એટલે હું જ તે છું.
પ્રભુ, હું વિશ્વાસ કરું છું.


હું ઉત્તમ ઘેટાંપાળક ઉત્તમ ઘેટાં પાળક પોતાના ઘેટાં માટે પોતાનો જીવ આપેછે કોઈ મારો પ્રાણ લઈ શકે નહિ પણ હું જ તે આપું છું તે આપવાનો તથા પાછો લેવાનો અધિકાર મને છે કેમકે તે મને પિતાએ આપ્યો છે.
આ માણસ પાગલ છે તેને તો ભૂત વળગ્યું છે તેનું શા માટે સાંભળો છો ?
પણ શું ભૂત આંધળા માણસને આંખો આપી શકે છે ?
તે ઉપદેશ કરતા હતા ત્યારે એક શાસ્ત્રી તેમની પરીક્ષા કરવાની તક શોધે છે
ફરોશીઓ અને યાજકો દલીલો ચાલુ રાખે છે કેટલાક માને છે કે તે ભૂતની શક્તિથી આવાં કામો કરે છે. તો કેટલાંક તે માનતા ન હતા. પણ તે ઈશ્વરનો પુત્ર છે એવું તે માનતા ન હતા. થોડા દિવસ પછી યહુદિયામાં જવા માટે તે શિષ્યો સાથે યરૂશાલેમ છોડી ગયા.
આ યુવાન ઉપદેશક પરિસ્થિતિને કેવી રીતે હલ કરે છે તેની કસોટી હું કરીશ

# યરીખોના ચાર યાત્રાળુઓ

લૂક ૧૦:૨૫-૩૯









ઉત્તરમાં ઈસુ તેને વાર્તા કહે છે તેથી ફરીવાર ફરોશી પોતે જ તેનો ઉત્તર આપે છે




તે વખતે એક યાજક ત્યાં આવે છે. પણ તે એક બાજુ થઈને જતો રહે છે.








વાર્તા પૂરી કર્યા પછી ઈસુ પૂછે છે કે આ ત્રણમાંથી ઘાયલ માણસનો સાચો પડોશી કોણ ?




ઈસુએ તેના પ્રશ્નોનો જે જવાબ આપ્યો તેથી તે આશ્ચર્યચકિત હતો.




આગળ જતાં ઈસુ બેથાની આવે છે અને મરિયમ, માર્થા તથા લાઝરસના ઘેર રોકાય છે. મરિયમ બધું છોડીને ઈસુની પાસે બેસી જાય છે.



# પ્રભુની પ્રાર્થના

લૂક ૧૦:૪૦-૧૧:૨, માત્થી ૬:-૧૩,
યોહાન ૧૦:૨૨-૪૦, લૂક ૧૫:૧-૧૯.

ઈસુ માર્થા, મરિયમ અને લાઝરસના ઘેર આવે છે ત્યારે મરિયમ બધું છોડીને ઈસુની વાતો સાંભળવા બેસી જાય છે. પણ મરિયમ ભોજન તૈયાર કરવા માટે રસોડામાં પહોંચી જાય છે. મરિયમ મદદ કરતી નથી તેથી મારથા ઈસુને ફરીયાદ કરે છે.







પોતાની યાત્રા દરમ્યાન ઈસુ ઘણીવાર પ્રાર્થના કરવા રોકાતા. આ પ્રાર્થનાનું પરાક્રમ શિષ્યોએ જોયુ હતું તેથી એક શિષ્ય કહે છે.
અમને પણ પ્રાર્થના કરતાં શીખવો


જ્યારે પ્રાર્થનાં કરો ત્યારે ....
ઓ આકાશમાંના અમારા પિતા. તમારું નામ પવિત્ર મનાઓ જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તમારી ઈચ્છા પૂરી થાઓ. આજની રોટલી અમને આપો. જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યા તેમ તમે પણ અમારા પાપ માફ કરો અમને પરીક્ષણમાં ન લાવો પણ ભૂંડાઈથી અમને બચાવો. કેમકે રાજ્ય મહિમા તથા પરાક્રમ તમારાં જ છે. આમેન.
પળવાર માટે તો કોઈ કશું બોલ્યું નહિ પછી બધાએ સાથે "આમેન" કહ્યું. તે પ્રાર્થના એક નમૂનો બની ગઈ છે. તે પછી ઈસુ અને શિષ્યોએ યહૂદામાં ઉપદેશ તથા સાજાપણું આપવાનું ચાલુ રાખ્યું. પછી તેઓ યરૂશાલેમમાં પાસ્ખાપર્વ પાળવા આવ્યા. નગર લોકોથી ઉભરાતું હતું. લોકો ઈસુથી નવાઈ પામીને તેના વિષે ચર્ચા કરતા હતા.







ઈસુ તેમની વચમાંથી ચાલ્યા ગયા પણ કોઈએ તેમને રોક્યા નહિ.

ઈસુ યરૂશાલેમ છોડીને પોતાનું પ્રચાર કાર્ય ચાલુ જ રાખે છે. પાપીઓ સાથેની સંગત વિષે ફરોશીઓ કચકચ કરે છે ત્યારે ઈસુ તેમને વાર્તા કહે છે.






# ઉડાઉ પુત્રનું પુનરાગમન

લૂક ૧૫:૨૦-૩૨, યોહાન ૧૧:૧-૨









કામ પૂરું કરીને ઘેર આવતાં તે દૂરથી સંગીતનો અવાજ સાંભળે છે.








ઈસુની વાત પૂરી થતાં લોકો નવાઈથી પરસ્પર જોવા લાગ્યાં.
શું તે એમ કહે છે કે ઈશ્વર વાર્તામાના પિતા જેવો છે ?
હા મને તો એમ જ લાગે છે જો આપણે પાછા ફરીએ તો પ્રભુ આપણને ક્ષમા આપવા ચાહે છે.
લોકોની વાતો સાંભળી ફરોશીઓ ગુસ્સે થાય છે ઈસુ તો પોતાનું કાર્ય ચાલુ રાખે છે પણ ત્યાં તો...
ઈસુ ! મને મારથા તથા મરિયમે મોકલ્યો છે તેમનો ભાઈ માંદો છે તમે બેથાની આવો.
બેથાની ? એ તો યરૂશાલેમના તેના શત્રુઓથી ઘણું નજીક છે. તેઓ તેને મારી નાંખશે.

# કબરમાંથી તેડું

યોહાન ૧૧:૩૮-૫૪, લૂક ૧૮:૧૫-૨૩, ૧૯:૧-૩

ઈસુ બેથાની પહોંચે ત્યારે પહેલાં તો માર્થા અને મરિયમના ભાઈ લાજરસને મરી ગયે ચાર દિવસ થઈ ગયા હોય છે. ઈસુ કબરનો પથ્થર ખસેડાવીને પ્રાર્થના કરે છે અને પછી મોટા ઘાંટે બૂમ પાડે છે.






મરેલો માણસ જીવતો થાય તે જોનારાઓને વિશ્વાસ થતો ન હતો. લોકો તો ઈસુને મસીહ ! દેવનો દીકરો કહીને પોકારવા લાગ્યા પણ કેટલાક તો ફરોશીઓને ખબર આપવા દોડયા.






ખબર પડતી નથી? આખા દેશનો
નાશ થાય તે કરતાં ઈસુને મારી
નાંખવા તે સારું છે.
આ કાયાફાસ કપટી માણસ છે.
ઈસુને મારી નાખવાનું કારણ
તેને મળી ગયું છે હવે તે કોઈ
માર્ગ શોધી કાઢશે.
તે વાત જાણીને ઈસુ એકાંત સ્થાનમાં જતા રહે છે પાસ્ખા પર્વ આવતાં પેલેસ્ટાઈન દેશમાંથી લોકો યરૂશાલેમ આવે છે ત્યારે ઈસુ પણ આવે છે.
માર્ગમાં લોકો ઈસુને જોવા તથા સાંભળવા ચાહે છે.
ના. ના. બાળકોને
લઈ જાવ. ઈસુ
કામમાં છે.
પણ મારા
દીકરાને ઈસુ
આશીર્વાદ દે...
નાનાં બાળકોને મારી પાસે
આવવા દો કેમકે આકાશનું
રાજ્ય એવાંઓનું જ છે.







પોતાના અધીક ધન વિષે વિચાર કરવા લાગ્યો. ધીમેથી તેણે ઈસુ તરફ પીઠ ફેરવીને ચાલ્યો ગયો.






# વૃક્ષ પર માણસ

લૂક ૧૯:૪-૧૦, યોહાન ૧૨:૧-૮, લૂક ૧૯:૨૯-૩૫.

ઠીંગુજી જાખી દાણી ઈસુને ટોળામાં જોઈ શકતો નથી. તે ઝડપથી દોડીને આગળ જઈ શકે ને એક વૃક્ષ પર ચઢી જાય છે અને ઈસુના આવવાની રાહ જૂએ છે.
ઈસુ તેને જોઈને અટકી જાય છે.









પાસ્ખાપર્વના છ જ દિવસ બાકી હતા અને લોકોનાં ટોળા યરૂશાલેમમાં જતા હતા. ઈસુ બેથાનીમાં માર્થા મરિયંમ તથા લાજરસને મળવા ચાહતા હતા. સીમોન કોઢિયાના ઘેર ભોજન વખતે મરિયમ ઈસુના પગે મૂલ્યવાન અત્તર રેડીને પોતાના વાળથી લૂછે છે.






આ ઠપકાથી યહૂદા ગુસ્સે થાય છે તે એક કદરૂપો નિર્ણય કરે છે.










ઈસુનું નામ સાંભળી તે આનંદથી આપે છે.



# વિજયવંત પ્રવેશ

લૂક ૧૯:૩૬-૩૮, માત્થી ૨૧:૧૦-૧૭

અઠવાડિયાનો પહેલો દિવસ હતો. પાસ્ખાની ઉજવણી માટે યરૂશાલેમનો રસ્તો લોકોથી ઉભરાતો હતો. ઈસુની સૂચના પ્રમાણે તેના શિષ્યો નમ્ર ગધેડાને લાવ્યા હતા અને ઈસુ તેના પર બેઠા અને યાત્રાળુઓની સાથે થઈ ગયા. લોકો તેમને આદરથી માર્ગ આપતા રસ્તામાં ખજૂરની ડાળીઓ અને વસ્ત્રો પાથરવા લાગ્યા. આખો સંઘ યરૂશાલેમ જતા આનંદથી પોકારતો હતો. "હોસાના" "પ્રભુના નામે જે રાજા આવે છે તેને ધન્ય હો."




યરૂશાલેમના લાંબા ઈતિહાસમાં તેના દરવાજાઓમાંથી ઘણા રાજાઓના વિજય સરઘસોએ ઘોડા પર તથા સેના સાથે પ્રવેશ કર્યો હતો પણ આવો નહીં.
આ માણસ કોણ છે?
ઈસુ, નાઝરેથનો પ્રબોધક


પણ ઈસુના આગમનના સમાચાર આખા નગરમાં ફેલાઈ ગયા. ઈસુ મંદિરમાં ગયા ત્યાં લૂલાં, લંગડા અને માંદા રાહ જોતા હતા.
મારા દીકરા ઊઠ અને ચાલ.
દાઊદના દીકરાને હોસાન્ના.


બાળકોની પ્રસંસાથી યાજકો તથા ફરોશીઓ
ગુસ્સે થાય છે.
તેઓ શું કહે છે તે તું સાંભળે છે?
હા, શું તમે ગીતશાસ્ત્રમાં વાંચ્યું નથી કે ધાવણાં તથા બાળકોના મુખે હું મારી સ્તુતિ સંપૂર્ણ કરાવીશ?
તે સાંજે ઈસુ બેથાની જાય છે પણ સોમવારે
જ્યારે તે યરૂશાલેમના મંદિરમાં જાય છે..
ઈશ્વરને બલિ ચઢાવવા હું ઘણે દૂરથી આવ્યો છું. પણ કબૂતરની આવી મોટી કિંમત મને પોસાતી નથી.
ચલ આગળ જા બીજો કોઈ પાસે તે હશે.
ન્યાયી ગુસ્સાથી ઈસુ
વેપારીઓને મંદિરની બહાર
કાઢી મૂકે છે.
શું શાસ્ત્રમાં એમ લખેલું નથી કે મારું ઘર પ્રાર્થનાનું ઘર કહેવાશે? પણ તમે તેને ચોરોનો અડ્ડો બનાવ્યો છે.




જ્યારે ઈસુએ ઉપદેશ શરૂ કર્યો ત્યારે લોકોના ટોળાં તે સાંભળવા લાગ્યા પણ યાજકો અને ફરોશીઓ બંધ બારણે યોજના કરવા લાગ્યા. મંગળવારે...



# મહાન આજ્ઞા

લૂક ૨૦:૨૩-૨૬, માર્ક ૧:૨૮-૩૪, ૩૮-૪૪, ૧૩:, માત્થી ૨૬:૧૪-૧૬

ઈસુ મંદિરના આંગણામાં ઉપદેશ કરતા હતા ત્યારે ફરોશીઓએ તેને માટે મુશ્કેલી ઊભી કરવાનો પ્રયાસ કર્યો તેમણે પૂછ્યું, "કાઈસારને કર આપવો જોઈએ નહીં ? આ કપટભર્યા પ્રશ્નને ઈસુ સમજી ગયા હતા. જો તે હા પાડે તો લોકો તેની વિરુદ્ધ થાય અને જો ના પાડે તો રોમનો બળવાના કારણસર તેની ધકપકડ કરે. પણ ઈસુ તેમની પાસે એક સિક્કો માંગે છે.



ઈસુ શાંતિથી સિક્કો પાછો આપે છે




ફરી એકવાર હાર મળી તેથી ફરોશીઓ ગુસ્સે થયા પણ ઈસુના ચાતુર્યથી તેઓ નવાઈ પામ્યા. તે જ દિવસે બીજા એક વધારે મુશ્કેલ પ્રશ્ન કર્યો.







પછી ઈસુએ દેખાવ માટે સારાં કામો કરવા વિષે ચેતવણી આપી મંદિરના ભંડારમાં મોટું દાન આપનાર ગર્વિષ્ઠ મનુષ્યને તેણે જોયો.


તેના પછી એક ગરીબ વિધવા આવી અને તેણે બે દમડી જ નાંખી.
આ સ્ત્રીએ બધાં કરતાં વધુ દાન આપ્યું છે કેમકે તેણે ઈશ્વરને તેનું સર્વસ્વ આપી દીધું છે.
આમ કહીને ઈસુ મંદિરમાંથી ગયા છેલ્લીવાર યરૂશાલેમની બહાર જૈતુન પહાડની ટોચ પર તે ગયા. શિષ્યો તેમને ભવિષ્યના બનાવો વિષે પૂછવા લાગ્યા. ઈસુએ કહ્યું કે આખા જગતમાં જ્યારે સુવાર્તા પ્રગટ થઈ જશે ત્યારે અંત આવશે અને તે જગતનો ન્યાય કરવા આવશે.


ઈસુ શિષ્યો સાથે બેથાની પાછા આવે છે. મરિયમે ઈસુના પગે તેલ ચોળ્યું ત્યારે કરેલ નિર્ણયને અમલમાં મૂકવા યહૂદા પાછો ફરે છે.
મારે પ્રમુખ યાજકને મળવું છે.
યહૂદા ઈસ્કારિઓત નામનો એક માણસ તમને મળવા માંગે છે
યહુદા ઈસ્કારીઓત ? એ તો ઈસુનો શિષ્ય છે તેને અહીં લાવો.
ઈસુથી છૂટવા તમારી કેટલી ઈચ્છા છે તે હું જાણું છું. ઈસુ તેના પર વિશ્વાસ કરનાર ટોળાંથી દૂર હોય તેવા સમયે હું તમારા હાથમાં તેને સોંપું તો તમે મને શું આપશો ?
ચાંદીના ત્રીસ સિક્કા

# ઉપલી મેડીમાં – ગુપ્ત રીતેઃ

લૂક ૨૨:૫-૧૩, યોહાન ૧૩:૧-૨૦, ૨૭-૩૦,
માત્થી ૨૬:૨૧-૨૫.











તે માણસ તેમને મોટી ઉપલી મેડી પર લઈ જાય છે
ઈસુ મારા ઘરમાં પાસ્ખાપર્વ પાળે તેવું માન મને મળ્યું છે.
પીતર અને યોહાન પાસ્ખાની તૈયારી કરે છે. તે સાંજે ઈસુ શિષ્યો સાથે ઉપલી મેડી પર આવે છે. બધાના બેઠા પછી ઈસુ નોકરની જેમ બધાંના પગ ધૂએ છે.
ના પ્રભુ, મારા પગ તમે ધૂઓ એટલો હું સારો નથી.
પીતર, જો તું મને એવું કરવા ન દે તો મારા રાજ્યમાં તારું કોઈ જ સ્થાન નથી.




થોડી જ પળોમાં ઈસુ અજાયબ વાત કરે છે.







તરત જ વિશ્વાસઘાતી યહૂદા મેજ પરથી ઊઠીને ત્યાંથી બહાર નીકળી ગયો પણ બીજા શિષ્યોને તે ખબર પડી નહિ.



# પ્રભુભોજન

લૂક ૨૨:૧૭-૨૦, યોહાન ૧૩:૩૩-૩૮, ૧૪, માત્થી ૨૬:૩૦, ૩૬-૫૬.

વિશ્વાસઘાતી યહૂદાની વિદાય પછી ઈસુએ રોટલી લીધી, સ્તુતિ કરીને ભાંગી અને શિષ્યોને આપતાં કહ્યું, "આ મારું શરીર છે." તેમણે ખાધા પછી પ્યાલો લીધો.




આમ ઈસુએ ઈશ્વર તથા માણસો વચ્ચે નવો કરાર સ્થાપ્યો. જ્યારે માણસો રોટલી અને દ્રાક્ષારસ લે છે ત્યારે તેઓ યાદ કરે છે કે ઈશ્વરે તેના પુત્ર દ્વારા તેમને પાપની ગુલામીમાંથી છોડાવ્યા છે.




ઈસુ તેમને છોડી જશે તે વિચારે શિષ્યો ભયભીત હતા.







ચૂપચાપ તેઓ ઉપલી મેડી પરથી ઊતરીને ચાંદાના અજવાળામાં જૈતુન પર્વત પર આવેલ ગેથસેમાને વાડીમાં જાય છે.
પ્રવેશતાં જ ઈસુ આઠ શિષ્યોને થોભવાનું કહે છે અને પીતર, યોહાન તથા યાકૂબને પોતાની સાથે લે છે.
આ તો મારે માટે કાળરાત્રિ છે હું એકલો જઈને પ્રાર્થના કરું છું તમે અહીં રહીને પ્રાર્થના કરો.
હે પિતા, જો તમારી ઇચ્છા હોય તો આ દુ:ખ મારાથી દૂર કરો. તો પણ મારી ઇચ્છા નહિ પણ તમારી ઇચ્છા પૂરી થાઓ
ઈસુ પાછા આવ્યા ત્યારે શિષ્યો તો ઊંઘતા હતા બે વાર ઈસુ પ્રાર્થના કરવા ગયા અને તેઓ તો ઊંઘતા જ રહ્યા ત્રીજીવાર આવીને તેમને જગાડતાં કહે છે
ઊઠો, મને પરસ્વાધીન કરનાર આવી ગયો છે


તે જ વખતે યહૂદા માણસોની ટોળી લઈને વાડીમાં આવે છે અને નિશાની આપ્યા પ્રમાણે ઈસુને ચૂમે છે
ગુરુજી, સલામ.


સિપાઈઓ ઈસુને પકડે છે ત્યારે પીતર તલવાર કાઢી વીંઝે છે અને એક નોકરનો કાન કાપી નાંખે છે.
પીતર, તારી તલવાર પાછી મૂક. મારા રક્ષણ માટે હું દૂતોની સેના બોલાવી શકતો નથી એવું તું માને છે?


ઈસુ શાંતિથી તે માણસના કાનને સાજો કરે છે. શિષ્યોએ જોયું કે ઈસુ પોતાને બચાવવાનો કોઈ પ્રયાસ કરતા નથી ત્યારે જીવ બચાવવા તેઓ નાસી જાય છે. અધિકારીની આજ્ઞા પ્રમાણે તેને બાંધીને યરૂશાલેમમાં લાવવામાં આવે છે જ્યાં થોડા દિવસો પહેલાં તેમણે વિજયવંત પ્રવેશ કર્યો હતો !

# મુકદ્દમો અને નકાર

માત્થી ૨૬:૫૭-૭૫, યોહાન ૧૮:૨૮-૩૮, લૂક ૨૩:૬-૧૨







ઈસુ આવા અપમાન સહેતા હતા ત્યારે પીતર ચૂપચાપ નગરમાં આવ્યો અને મહેલના આંગણામાં તાપણાંથી હાથ શેકતો હતો ત્યારે એક દાસીએ તેને જોયો.
નાઝરેથના ઈસુના સાથીઓમાંથી તું એક છે
હું ? તું કોની વાત કરે છે તેની મને ખબર નથી
ડરી જઈને પીતર આગળ વધ્યો પણ ત્યાં તો..
આ માણસ ઈસુ સાથે હતો
ઈસુ ? હું તે માણસને ઓળખતો પણ નથી.
એકાદ કલાક પછી કેટલાક માણસો પીતર પાસે આવ્યા.
સિપાહીઓએ ઈસુને પકડયા ત્યારે મેં તને વાડીમાં જોયો ન હતો?
તું ઈસુના જેવો ગાલીલી છે. તારી વાત પરથી જ હું તે કહી શકું છું.




શરમને કારણે પીતર બહાર જઈને ખુબ જ રડયો.




શુક્રવારની વહેલી સવારે મરણદંડની સજા નહિ કરી શકનાર યહૂદી ન્યાયસભાના લોકો ઈસુને લઈને રોમન ગવર્નર પીલાત પાસે આવ્યા. યહૂદી નિયમ તોડવાનો નહી પણ રોમની સામે બળવો કરવાનો તેમણે આરોપ મૂક્યો પીલાતે ઈસુની પૂછપરછ કરી અને પછી બહાર ઊભેલા ટોળાં પાસે આવ્યો.






પીલાત ફસાઈ ગયો. ઈસુ બળવો કરે તેવું તે માનતો ન હતો. "પણ જો હું તેને જવા દઉં અને આ યહૂદી લોકો તોફાન કરે તો રાજા તો મને જ જવાબદાર ગણે." છેવટે તેણે એક માર્ગ શોધી કાઢ્યો.



# મરણદંડ

**યોહાન ૧૯:૩૯-૧૯:૧૬, માત્થી ૨૭:૩-૧૦**

યહૂદી આગેવાનોએ ઈસુ પર રોમ સામે બળવો કરવાનો આરોપ મૂક્યો. પીલાત તેને દોષિત માનતો નથી પણ તેને યહૂદીઓના તોફાનનો ડર લાગે છે. છેવટે પાસ્ખા માટે લોકોના ટોળાં જોઈને તેને માર્ગ મળે છે. ઈસુએ મરવું કે નહિ તેનો નિર્ણય લોકોને કરવા દેવો. પણ યાજકે ઈસુની વિરુદ્ધ લોકોને ઉશ્કેરી રહ્યા હતા તેની તેને ખબર ન હતી.




પીલાત સ્તબ્ધ થઈ ગયો ઈસુને
બચાવવા તેણે બીજો પ્રયત્ન કર્યો
તેને કોરડા મારો
કદાચ કેદીને થયેલી સજા જોઈને લોકોને સંતોષ થઈ જાય
તેથી ઈસુને કોરડાનો માર મારવામાં આવ્યો અને ગંમત
કરવા તેમણે ઈસુના માથે કાંટાનો મુગટ મૂક્યો.
યહૂદીઓના રાજા સલામ !
નિર્દય રીતે મારવામાં આવેલ
ઈસુને જોઈને તેને માણસોની
સહાનુભૂતિ મળશે તેવું
વિચારી પીલાત તેને
ટોળા સામે લાવે છે.
આ માણસને જૂઓ !
તેને વધસ્તંભે જડો !
તેને વધસ્તંભે જડો !




આ તો પીલાતનો બદલો હતો જે માણસને તેમણે મરણદંડ ફરમાવ્યો હતો તે યહુદી આગેવાનો તેના વધસ્તંભ પરનાં આવા લખાણથી જલી ઉઠશે તે પીલાત જાણતો હતો.




પરસ્વાધીન કરાયા ત્યારથી વધસ્તંભે જડવાની આજ્ઞા થઈ ત્યાં સુધીનો સમય ઈસુને માટે ભારે દુ:ખનો સમય હતો.

આ સમય દરમ્યાન તેને પરસ્વાધીન કરનાર યહૂદાને પોતાની ભૂલ સમજાય છે અને તે પ્રમુખ યાજક પાસેધસી જાય છે.



મેં પાપ કર્યું છે
મેં નિર્દોષ માણસને
પરસ્વાધીન કર્યો છે.
તેમાં અમારે
શું ?
લો આ તમારા પૈસા તે
ગંદા ધનમાં મારો કોઈ
ભાગ નથી.
અસહ્ય અપરાધ
ભાવને કારણે યહૂદા,
ત્યાંથી નીકળીને
આત્મહત્યા કરે છે.
પણ પૈસા પાછા આપવાથી જેને
પરસ્વાધીન કર્યોહતો તે માણસ
બચી જતો નથી. ઈસુ હવે
રોમન સિપાહીઓના હાથમં
હતા, તેમણે તેના પીઠ
પર ભારે વધસ્તંભ મૂક્યો
અને ગલીઓમાં થઈને
કાલવરીનાં ટેકરી પર
લઈ ગયા.

# રાજા વધસ્તંભે જડાયો

લૂક ૨૩:૨૬-૪૬, યોહાંન ૧૯:૨૫-૨૭

આખા પેલેસ્ટાઈન દેશમાંથી પાસ્ખાપર્વ પાળવા માટે યાત્રાળુઓ યરૂશાલેમમાં આવ્યા હતા પણ શુક્રવારે સવારે આખા યરૂશાલેમમાં સમાચાર ફરી વળ્યા રોમનો સામે બળવો કરવાને લીધે નાઝરેથના ઈસુને વધસ્તંભે જડવાના છે.

વધસ્થાન તરફ જતી ગલી લોકોથી ઉભરાતી હતી. તેમાં ઈસુના મરણની માગણી કરનારા લોકો, યાજકો અને ફરોશીઓ હતા. પાપોની માફી અને માંદાને સાજાપણું આપનાર માટે રડનાર સ્ત્રીઓ હતી, અને વધસ્તંભ ઉઠાવીને ચાલનાર દોષિતને જોવા માગનાર જિજ્ઞાસુઓ પણ હતા.






લગભગ નવ વાગે ઈસુ અને બીજા બે લૂંટારા વધસ્તંભે જડાવા કાલવરી પર પહોંચ્યા. ત્યાં ઈશ્વરના પુત્રને વધસ્તંભે જડવામાં આવ્યા. તેના માથા પર લેખ મૂકવામાં આવ્યો - નાઝરેથનો ઈસુ - યહૂદીઓનો રાજા !





પણ રોમન સિપાહીઓને માટે તો તે રોમન કાયદા પ્રમાણે મરણદંડ પામેલો ગુનેગાર હતો.
આ ઝભ્ભો તો સીવણ વિનાનો છે તેના ભાગ કેવી રીતે પાડીશું ?
તેના ટૂકડા કરવા સારા નહિ લાગે. ચાલો આપણે ચિઠ્ઠી નાંખીએ.
ઈસુના શિષ્યો જોતા હતા અને તેને મારી નાંખવાની યોજના કરનારા ટોણા મારતા હતા
જો તું ઈસ્રાએલનો રાજા હોય તો વધસ્તંભ પરથી નીચે ઉતરી આવ એટલે અમે વિશ્વાસ કરીશું.
જો તું મસીહ હોય તો પોતાને તથા અમને પણ બચાવ.



આવું બોલતાં તને શરમ નથી આવતી ? આપણે તો આપણા અપરાધની સજા ભોગવીએ છીએ પણ આ માણસે તો કશું ખોટું કર્યું નથી.
તમારા રાજ્યમાં તમે આવો ત્યારે મને યાદ રાખજો.
આજે તું મારી સાથે પારાદૈશમાં હોઈશ.
પછી તે પોતાની માતા તરફ જૂએ છે. આટલી વેદનામાં પણ તેને તેની ચિંતા થાય છે ઘણાના મતે તો તે એક અપરાધીની માતા હતી
યોહાન, મારી માતાને સંભાળજે.
યોહાન તેને પોતાના ઘેર લઈ જાય છે તેને પોતાની માતાની જેમ રાખે છે.
હવે બપોર થઈ અને ધીમે રહીને એક વિચિત્ર પડછાયો ભૂમિને આવરી લે છે ત્રણ કલાક સુધી અંધારૂં થઈ જાય છે પછી ઈસુ ઈશ્વરને પોકારે છે.
પિતા, તમારા હાથમાં હું મારો આત્મા મૂકું છું.
એમ કહીને તે મરણ પામે છે. યરૂશાલેમની ધરતી કાંપી ઊઠે છે...

# સીલબંધ કબર

માર્ક ૧૫:૩૮-૩૯, લૂક ૨૩:૪૮, ૪૯.
યોહાન ૧૯:૩૮-૪૨, માત્થી ૨૭




ઉત્તર છે કે કાલવરીની ટેકરી પર ઈશ્વરના પુત્રે જગતના પાપોને માટે પોતાનો જીવ આપી દીધો હવે મંદિરનો પડદો માણસ તથા ઈશ્વરની ઉપસ્થિતિને જુદા પાડતો નથી કેમકે ઈશ્વરના પુત્ર ઈસુએ ઈશ્વરપિતા સમક્ષ જવાનો માર્ગ ખોલી દીધો છે.

નગરની બહાર વધસ્તંભની ક્રિયાનું ધ્યાન રાખનાર રોમન અધિકારી પણ જે થયું તે જોઈને છક થઈ ગયો. પોતાના શત્રુઓને ક્ષમા કરનાર માણસને તે આદરથી નિહાળે છે.







યરૂશાલેમમાં યહૂદી ન્યાયસભાનો સભ્ય અને ઈસુનો ગુપ્ત શિષ્ય આરીમથાઈનો યૂસફ હિમતથી પીલાત પાસે જાય છે.









તેથી કબરને સીલ કરીને
રોમન સૈનિકો ચોકી
કરવા લાગ્યા.



# પ્રભુ ઊઠ્યો છે !

માર્ક ૧૬:૧-૭, યોહાન ૨૦:૨-૧૮, માત્થી ૨૮:૧૧-૧
લૂક ૨૪:૧૩-૩૨




પરંતુ ત્રીજા દિવસના સવારે ધરતી ધ્રુજી, પ્રભુનો દૂત ઉતરી આવ્યો અને કબર પરના પથ્થરને ગબડાવી દીધો. કાંપી ઉઠેલા સૈનિકો ધરતી પર પડી ગયા જ્યારે હોશમાં આવ્યા ત્યારે તેઓ નગરમાં દોડી ગયા.






આ સમાચાર સાંભળી પીતર અને યોહાન
તેની આગળ કબરે દોડી ગયા તેઓ કબર પાસે
આવ્યા ત્યારે...




મરીયમ વાડીએ પહોચે તે પહેલાં બધાં પાછા
વળી ગયા હતા. દુઃખને કારણે પોતાને
બોલાવવાનો અવાજ સાંભળ્યો..




ઈસુ હળવેથી તેને નામ દઈને બોલાવે છે - મરિયમ! તે પાછી ફરીને પોતાના પ્રભુને જુએ છે.
ગુરુજી !


જે કાંઈ થયું તેથી માત્ર શિષ્યો જ નવાઈ પામ્યા નહી પણ રોમન સિપાહીઓએ તે વાત યરૂશાલેમમાં યાજકો અને ફરોશીઓને આપી. તેમણે તે વિષે તરત જ નિર્ણય કર્યો.
આ પૈસા લો અને લોકોમાં જાહેર કરો કે ઈસુના શિષ્યો તેના શબને ચોરી ગયા છે.


જ્યારે સૈનિકો આવી વાત કરતા હતા ત્યારે ઍમ્મોસ જતા શિષ્યોને તે મળે છે તેઓ તેની સાથે વાત કરે છે પણ ઓળખતા નથી.


તે સાંજે ઍમ્મોસમાં જ્યારે તે રોટલી તોડે છે ત્યારે તેમણે ઈસુને ઓળખ્યા.
ઈસુ !
' અને તેવી જ રીતે તે અદશ્ય થઈ ગયા.

# બંધ દ્વારની પાછળ

લૂક ૨૪:૩૩-૪૩, યોહાન ૨૦:૧૯-૨૧:૬

રવિવારની મોડી રાત્રે યરૂશાલેમના લોકો રોમન સિપાહીઓના વિવિધ અહેવાલની વાતો કરતા હતા.




શિષ્યોને પણ સૈનિકોના અહેવાલની વાત મળી હતી. તેઓને પકડાઈ જવાની બીક લાગતી હતી. તેથી તેઓ થોમા સિવાય બધા બંધ દ્વારે ઉપલી મેડીમાં ભેગા થયા હતા. ત્યારે બે શિષ્યો ત્યાં આવ્યા.





તથા પીતરે એમજ તે વિષે કહ્યું છે.
હા, મેં તેનો નકાર કર્યો તો પણ તે મારી પાસે આવ્યા.
અચાનક ફરીથી ઈસુ તે ઓરડીમાં આવે છે પણ શિષ્યો માને છે કે તે કોઈ ભૂત છે.
તમે શા માટે ડરો છો ? મારા હાથ અને પગ જૂઓ.
હે પ્રભુ શું ખરેખર તમે જ હશો ?
મને કાંઈ ખાવાનું આપો ? તેથી તમે સમજી શકશો ?
શિષ્યો જઈને થોમાને કહેવા દોડે છે.
ઈસુ ઉઠયા છે ! અમે જોયા છે !
જ્યાં સુધી હું તેના ઘા નહી જોઉં ત્યાં સુધી હું માનવાનો નથી


એક અઠવાડિયા પછી થોમા હાજર હતો ત્યારે ઈસુ આવે છે.
થોમા, મારા હાથ તથા કૂખને અડકી જો.
મારા પ્રભુ અને મારા દેવ!
થોમા, તેં જોઈને મારા પર વિશ્વાસ કર્યો છે પણ જેમણે જોયા વિના વિશ્વાસ કર્યો છે તેમને ધન્ય છે! ફરીથી ઈસુ અદશ્ય થઈ જાય છે
ફરીથી ઈસુ તેઓની દષ્ટીથી અદશ્ય થઈ ગયા
આજ્ઞા પ્રમાણે શિષ્યો ગાલીલમાં ગયા. એક રાત્રે તેઓ માછલી પકડવા નીકળ્યા પણ તેમના હાથમાં કશું આવ્યું નહી. સવારે કિનારે કોઈ ઊભું હતું.
તમારી જાળો હોડીની જમણી બાજુ નાંખો.
તેઓ આજ્ઞા માને છે. તેમની જાળ એટલી બધી ભરાઈ ગઈ કે તેઓ તે ખેંચી શકયા નહિ.

# છેલ્લી આજ્ઞા

યોહાન ૨૧:૭-૧૮, માત્થી ૨૮:૧૬-૨૦,
લૂક ૨૪:૪૪-૫૧.






ખાઈ લીધા પછી ઈસુ પીતરને પૂછે છે.




બીજી બે વાર ઈસુ એ જ પ્રશ્ન પૂછે છે અને પીતર તેનું વિશ્વાસુપણું જાહેર કરે છે ત્યારે ઈસુ તેને જવાબદારી સોંપે છે.




થોડા દિવસ પછી ગાલીલના સમુદ્રની પાસે આવેલા પર્વત પર ૫૦૦ જણ ઈસુની આજ્ઞા પ્રમાણે એકઠાં થયા હતાં. ઈસુ તેમને મહાન આદેશ આપે છે.



આ પછી, અગ્યાર શિષ્યો યરૂશાલેમમાં ગયા. ત્યાં ફરીથી ઈસુ તેમને મળી સમજાવે છે, કે મૃત્યુ અને પુનરુત્થાન દ્વારા તારણ, મોક્ષનું કાર્ય પૂર્ણ કર્યું. તે રીતે જગતનો મોક્ષદાતા છે. તેણે તેમને યરૂશાલેમમાં રોકાવાનું કહ્યું ત્યાં સુધી કે તેઓ સામર્થ્યથી ભરપુર થાય. જે દેવનો પવિત્ર આત્મા તેમના પર આવશે ત્યારે.

પુનરુત્થાન થયા પછી ચાળીસમાં દિવસે બેથાની નજીક જૈતુન પર્વત ઉપર તેના શિષ્યોને લઈ ગયો. તેમને આશિર્વાદ આપતો સ્વર્ગ તરફ પ્રયાણ કર્યું.



# તમે ઈશ્વરના અદ્દભૂત પરિવારનો એક હિસ્સો કેવી રીતે બની શકો છો.

ઈશ્વર પરિવારોને ચાહે છે. આ જગતની રચના પછી ઈશ્વરે પ્રથમ પરિવાર બનાવ્યો. તેમાં એક પુરુષ અને સ્ત્રી હતા. તેમનાં નામ આદમ અને હવા. તેમનું પ્રથમ ઘર એદનવાડીમાં હતું. તે અદ્દભૂત નિવાસસ્થાન હતું.




પ્રભુ તો ભલા પ્રભુ છે અને આદમ તથા હવાને માટે ભલાઈ જ ચાહતા હતા. તેમણે શું કરવાનું છે અને શું નથી કરવાનું તે તેમને કહ્યું હતું. ઈશ્વરનું માનવું કે ન માનવું તે પસંદ કરવાનં તેમને અધિકાર હતો.




શેતાન ઈશ્વરને ધિક્કારતો હતો. તે આદમ અને હવાના વાડીઘરમાં સર્પના રૂપમાં આવ્યો. તેણે હવાને કહ્યું કે પ્રભુએ તમને સાચી વાત બતાવી નથી. શેતાને ફળ વિષે જે કહ્યું તે હવાએ માની લીધું. આ ફળ ખાવાનું નથી તેની આદમને ખબર હતી પણ તેણે પ્રભુની વાત નહિ માનવાનો નિર્ણય કર્યો.

જ્યારે આદમ તથા હવાએ ઈશ્વરની આજ્ઞા માની નહીં ત્યારે કાંઈ ભયાનક બન્યું. તેઓને બીક લાગી અને ઈશ્વરથી સંતાઈ ગયા. પ્રભુએ તેમને કહ્યું કે તેમણે પાપ કર્યું છે તેથી તેમણે એદનવાડી છોડવી પડશે હવે જગત સુખી થવાને બદલે દુઃખભર્યું થઈ ગયું. પ્રેમની જગા ધૃણાએ લીધી અને લોકો એકબીજાની હત્યા કરવા લાગ્યા.







કાઈન અને હાબેલ તો આદમ તથા હવાના બે પુત્રો હતા. ઈશ્વરે તેમને કહ્યું કે તેમના પાપોની ક્ષમા માટે તેમણે નિર્દોષ પ્રાણીનું બલિદાન આપવું જોઈએ કાઈને સુંદર ફળોનું ઈશ્વરને અર્પણ કર્યું પણ કાઈને આજ્ઞા પાળી ન હતી તેથી ઈશ્વર પ્રસન્ન થયા નહીં. ઈશ્વરે તેનું અર્પણ સ્વીકાર્યું નહીં પણ તેના ભાઈ હાબેલનું અર્પણ સ્વીકાર્યું તેથી તે ગુસ્સે થયો અને તેણે હાબેલની હત્યા કરી.

લોકો ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા રહ્યા અને એટલા બધા પાપી થઈ ગયા કે છેવટે પ્રભુએ એક જ માણસના પરિવાર સિવાય જગતનો નાશ કરવાનો નિર્ણય કર્યો. તે માણસ નૂહ હતો. તે ઈશ્વરની આજ્ઞા માનતો હતો. તેથી જ્યારે ઈશ્વરે તેને વહાણ બાંધવાની આજ્ઞા આપી ત્યારે તેણે તે માની અને પૂર આવ્યું ત્યારે તે બચી ગયો.



સદીઓથી ઈશ્વરને પ્રેમ કરનારા લોકો પોતાના પાપોની ક્ષમા માટે પ્રાણીઓનું બલિદાન આપતા હતા. જગતના મોટા ભાગના લોકો ઈશ્વરને આધીન થવાને બદલે લાકડા અને ધાતુના બનાવેલા દેવોની પૂજા કરતા હતા.



ઈબ્રાહીમ તથા તેની પત્ની સારાહ પ્રભુને ખરેખર પ્રેમ કરતાં હતા. તેમને કોઈ સંતાન હતું નહિ. તે સમયે તે વાત ઘણી હીનતાની ગણાતી. પ્રભુએ તેમને કહ્યું કે તેઓ લગભગ ૯૦ વર્ષથી વધુ ઘરડાં હતાં, તો પણ તેમને પુત્ર થશે અને આ પુત્ર ઈસ્હાકના વંશજો મોટી દેશજાતિ બનશે.

ઈબ્રાહીમ ઈસ્હાક પર પ્રેમ રાખતો હતો. પણ એક દિવસ પ્રભુએ તે ઈશ્વરને પ્રથમ પ્રેમ કરે છે કે નહી તે જાણવા તેની કસોટી કરવાનું નક્કીકર્યું. ઈશ્વરે તેને તેના પુત્ર ઈસ્હાકનું વેદી પર બલિદાન આપવાની આજ્ઞા કરી. ઈબ્રાહીમને ઈશ્વર પર એટલો બધો વિશ્વાસ હતો કે તેણે તેમ કર્યું. પણ પ્રભુએ તેને રોક્યો અને તેના બદલે પ્રાણીનો વધ કરવાનું કહ્યું. બે હજાર વર્ષ પછી એ જ સ્થળે ઈશ્વરપુત્ર ઈસુને વધસ્તંભ પર ચઢાવવામાં આવ્યા.








જયારે કનાન દેશમાં દુકાળ પડયો ત્યારે ઈબ્રાહીમના વંશજો મિસરમાં ગયા અને ત્યાં ૪૦૦ વર્ષ રહ્યાં જ્યારે મિસરીઓ તેમની વિરુદ્ધ જઈને તેમને ગુલામ બનાવી બળજબરી કરવા લાગ્યા ત્યારે તેમણે ઈશ્વરની મદદ માટે પોકાર કર્યો. પ્રભુએ તે સાંભળીને તેમને ગુલામીમાંથી છોડાવવા મૂસાને મોકલ્યો.

જ્યારે બાળક મૂસાને નદીના પાણીમાં ટોપલીમાં મૂકી દેવામાં આવ્યો ત્યારે મીસરની રાજકુમારીએ તેને જોયો અને બચાવી લીધો. વર્ષો પછી ઈશ્વરે મૂસાને બળતી ઝાડીમાંથી હાંક મારી અને તેને ફારૂન પાસે મોકલ્યો પછી તો ફારૂન તથા ઈશ્વર વચ્ચે સત્તાની સ્પર્ધા થઈ.







ત્યારપછી સર્વકાળ માટેની જાણીતી ઘટના બની. પાસ્ખાપર્વ ઈશ્વરે તેના લોકને મિસરમાંથી છોડાવ્યા ત્યારથી આજ સુધી તે પાળવામાં આવે છે. મૂસાએ કહ્યું કે મિસરના સર્વ લોકોમાં તેમના જયેષ્ટ પુત્ર પર મૃત્યુ ત્રાટકશે. પણ તેમના પરિવારો કેવી રીતે બચી શકે તે પણ તેણે જણાવ્યું.
ફારૂને નવ વાર આપણને જવા દેવાના વચનનો ભંગ કર્યો છે. હવે તે શું કરશે?
આ તો ખરેખર આપણા માટે મુક્તિ લાવશે
તમે બારસાખો પર હલવાનનું રક્ત શા માટે છાંટો છો?
ઈશ્વરે મૂસાને કહ્યું છે કે મરણનો દૂત રક્તની નિશાની જોઈને જતો રહેશે.
તે રાત્રે મિસર છોડવા માટે દરેક હિબ્રુ પરિવાર તૈયાર હતો. તેમણે પાસ્ખાપર્વ નામનું ભોજન લીધું. કેમકે મરણનો દૂત જતો રહ્યો હતો.



બીજી સવારે ફારૂને યહૂદીઓને જવા દીધા. પણ પાછળથી તેણે વિચાર બદલી નાંખ્યો અને મૂસા તથા તેના લોકોની પાછળ તેણે પોતાનું સૈન્ય મોકલ્યું.

યહૂદીઓ મિસરની સેના તથા સમુદ્રની વચ્ચે સપડાઈ ગયા હતા ત્યારે બહુ જ અજાયબ રીતે પ્રભુને માટે હજારો વર્ષ સુધી ધન્યતા લાવનાર ઘટના બની. સમુદ્રના બે ભાગ પડી ગયા અને હિબ્રુઓ કોરી ભૂમિ પર ચાલીને પાર ગયા.

આ પ્રસંગને નિર્ગમન તરીકે ઓળખવામાં આવે છે. પાસ્ખાપર્વ અને નિર્ગમન તો પ્રભુ તેના પરિવારોની કેવી રીતે રક્ષા કરે છે તેનું ઉદાહરણ છે. કેવી રીતે પ્રભુ દરેક વ્યક્તિ પાપની ગુલામીમાંથી બચીને ઈશ્વરના પરિવારનો એક હિસ્સો બની શકે છે તેનું આ પ્રતીક છે.

૧૫૦૦ વર્ષ પછી દર વર્ષે ઈસુ આ પર્વ પાળતા હતા અને આ પર્વની અગાઉ તેમણે પ્રસિદ્ધ "છેલ્લું ભોજન" પોતાના મરણ પહેલાં લીધું હતું.



નિર્ગમન પછી પ્રભુએ મૂસાને સિનાઈ પર્વત પર બોલાવ્યો અને તેને દસ આજ્ઞાઓ આપી. આ તો લોકોના જીવન માટે ઈશ્વરની સૂચનાઓ છે. વળી તે તો ઈશ્વર જે જીવન ધોરણની અપેક્ષા રાખે છે તેને જાણવા માટેની માપ પટ્ટી છે. જેથી લોકો જાણી શકે કે ઈશ્વરના ધોરણ પ્રમાણે તેઓ જીવી શકે તેમ નથી. સર્વ લોકોએ એકાદ આજ્ઞા તો તોડી જ છે. આ આજ્ઞાને તોડવાને "પાપ" કહેવામાં આવે છે.





ઈશ્વર પોતાના લોકોને માટે ગમે તેટલું કરે તો પણ તેઓ હંમેશા ફરીયાદ કરતા અને ઈશ્વરનું માનતા નહી. એકવાર ઈશ્વરે તેમને શિક્ષા કરવા તેમની મધ્યે ઝેરી સર્પો મોકલ્યા. ઘણા લોકોને તે કરડયા અને તેઓ મરી ગયા.
તેથી લોકોએ તેમના પાપોને માટે ઈશ્વરની ક્ષમા માંગી. ત્યારે ઈશ્વરે મૂસાને કહ્યું, "તું એક પીત્તળના સાપની મૂર્તિ બનાવ અને તેને થાંભલા પર લગાવ. જેને સર્પ કરડયો હશે તે તેને જોશે તો તે બચી જશે. વિશ્વાસ કેવી રીતે લોકોને પાપથી બચાવે છે તે બતાવવા માટે આ વાર્તા કહેવામાં આવી છે.






ઘણીવાર લોકો તેમની આસપાસ વસતા લોકોના દેવની પૂજા કરતા અથવા તો સત્ય ઈશ્વરને અનુસરવાની સૂચના ભૂલી જતા. પછી તેઓ પશ્ચાત્તાપ કરીને ઈશ્વરની ક્ષમા માંગતા. પાપોની ક્ષમા માટે એક સંપૂર્ણ પશુનું બલિદાન આપવાનો એક જ માર્ગ હતો અને તે રીતે તેઓ ઈશ્વરની સાથે સમાધાન કરતા.

ઘણા વર્ષો પછી રાજા દાઉદના પુત્ર સુલેમાનને ઈશ્વરે તેનું સ્થાયી નિવાસસ્થાન બાંધવાની આજ્ઞા આપી. તે મંદિર કહેવાતું. આ મંદિરમાં હંમેશા બલિદાન આપવામાં આવતા હતાં કે લોકોને પાપોની ક્ષમા મળે. જોકે આ જગા ઘણીવાર બાંધવામાં આવી તથા તોડવામાં આવી પણ તે સ્થાનમાં જ પ્રભુ ઈસુ તેમના પિતાની મુલાકાત તથા ભજન માટે આવતા હતા.



ઈસુ તથા દાઉદની વચ્ચેના ૧૦૦૦ વર્ષના સમય ગાળા દરમ્યાન લોકોએ ઘણીવાર ઈશ્વરની આજ્ઞા તોડી. વર્ષો સુધી પ્રબોધકો પાપો છોડીને ઈશ્વર તરફ વળવાનું કહેતા રહ્યા. તેઓ ભવિષ્યવાણી પણ કરતા કે હવે ઈશ્વર "મસીહ"ના રૂપમાં આવશે.




ઈસ્ત્રાએલના લોકો આપણા જેવા જ હતા. કેમકે આપણે સઘળાંએ ભૂંડું કર્યું છે. આ ભૂંડા કામો અને વિચારો તે પાપ છે. બાઈબલ કહે છે કે સઘળાંએ ઈશ્વરની સામે વિદ્રોહ કર્યો છે અને પાપમાં જીવ્યા છે. આપણા પાપ આપણને ઈશ્વરના પરિવારના સભ્ય બનતા અટકાવે છે.

પણ પ્રભુ ચાહે છે કે આપણે તેના પરિવારના ભાગીદાર બનીએ આપણે ગમે તેટલી મહેનત કરીએ પણ પોતે કોઈ પણ રીતે ઈશ્વરના પરિવારમાં સ્થાન પામી શકતા નથી. પણ ઈશ્વર આપણને એટલો બધો પ્રેમ કરે છે કે આપણને તેની નિકટ રાખવા ચાહે છે. તેથી તેમણે એક યોજના બનાવી છે ઈશ્વરે મનુષ્યજાતનો એક ભાગ બનવાનો નિર્ણય કર્યો. તેમના પુત્ર ઈસુ માનવપિતા વિના જ માનવબાળ તરીકે જન્મ લેશે.




એકવાર નાઝરેથના સુથાર યુસફ સાથે સગાઈ થયેલી કુમારિકા મરિયમને ગ્રાબીએલ દૂતે દર્શન દીધું. દૂતે કહ્યું કે માનવપિતા વિના તેને જે બાળક જન્મશે તે સંપૂર્ણરીતે પાપરહિત હશે. દૂતે મરિયમને જે કહ્યું હતું તેના સમર્થનમાં ઈસુના જીવનના આરંભમાં ઘણા પ્રસંગો બન્યા.












ઈસુ ૩૩ વર્ષ પાપરહિત જીવન જીવ્યા. છેલ્લા ત્રણ વર્ષ તેમણે દેશભરના લોકોની સેવા કરી. તેમના પિતા ઈશ્વર વિશે લોકોને જણાવ્યું. મહાન ચમત્કારો અને પાપોની ક્ષમા આપીને ઈશ્વરનું સામર્થ્ય પ્રગટ કર્યું અને જીવવાની રીત શીખવી.









ઈસુને પકડવામાં આવ્યા તે રાત્રિ પહેલાં તેમણે પોતાના શિષ્યો સાથે પાસ્ખાપર્વ પાળ્યું. ઉપલી મેડી પર તેમણે જે ભોજન લીધું તે મૂસાએ શરૂ કરેલી ૧૪૦૦ વર્ષ જૂની રૂઢિ પ્રમાણે હતું પણ હવે ઈસુએ એક નવી રીત આપી અને જણાવ્યું કે જગતના પાપ લઈ લેવા માટે તે પોતાનું બલિદાન આપશે. પોતાના બલિદાનના ઉદાહરણ માટે ઈસુએ રોટલી તથા દ્રાક્ષારસનો ઉપયોગ કર્યો. સર્વ જગાના લોકોની ભૂંડાઈઓની શિક્ષા માટે પોતે વધસ્તંભે જડાશે તેવી ઈશ્વરની યોજનાને તેમણે પ્રગટ કરી.






ઈસુએ માત્ર પોતાના મરણ વિષે જ ભવિષ્યવાણી કરી એમ નહી પણ તેમણે કહ્યું કે તે મરણમાંથી પાછા પણ ઊઠશે. તેમણે શિષ્યોને ખાતરી આપી, "મરણમાંથી પાછા ઊઠ્યા પછી હું ગાલીલમાં જઈશ અને ત્યાં હું તમને મળીશ." પછી તેમણે કહ્યું, "પ્રબોધકો દ્વારા મારા વિષે જે કાંઈ લખવામાં આવ્યું છે તે સાચું પડશે."

તે પછી તરત જ ઈસુને પકડવામાં આવ્યા. જે ઈસુએ તોફાન શાંત પાડયાં. મરેલા લાજરસને જીવતો કર્યો અને ૫૦૦૦ ભૂખ્યાં લોકોને ભોજન આપ્યું તે ચોક્કસ સૈનિકોને તેને પકડતાં, તેને મારતાં અને વધસ્તંભે જડાવતા અટકાવી શક્યો હોત. પણ ઈસુએ પોતે મરણ સહન કર્યું કેમકે તે આપણી શિક્ષા વેઠી રહ્યા હતા.

ન્યાયના સમયે પીલાતે ઈસુને નિર્દોષ જાહેર કર્યા પણ ટોળાંને ખુશ કરવા માટે તેણે ઈસુને વધસ્તંભ પર મરણની સજા કરી.

# પ્રશ્નો

૧ ઈમાનુએલનો શો અર્થ થાય?
૨ પ્રભુ ઈસુનાં જન્મ સમયે દૂતોએ ભરવાડોને કેવા સમાચાર આપ્યા?
૩ લોકો યોહાનથી બાપ્તિસમા કેમ પામતા હતા?
૪ ઈસુએ જ્યારે બાપ્તિસમા લીધુ તો આકાશમાંથી કેવી વાણી પ્રગટ થઈ?
૫ ઈસુએ અરણ્યમાં શેતાનને કેવી રીતે હરાવ્યો?
૬ ઈસુ વિષે પિતરની કબૂલાત શી હતી તેણે તે કેવી રીતે જાણ્યું?
૭ જ્યારે ઈસુ શહેરમાં સવારી કરીને આવ્યા તો લોકોએ શું કર્યુ?
૮ ઈસુએ જ્યારે મંદીરમાં પ્રવેશ કર્યો તો તેમણે શું કર્યુ?
૯ ઈસુએ પક્ષઘાતી માણસને શું કહ્યુ?
૧૦ પક્ષઘાતી માણસને સાજા કરવા માટે ઈસુએ શું કર્યુ?
૧૧ ઈસુએ ગેથસમાની વાડીમાં કેવી રીતે પ્રાર્થના કરી?
૧૨ ક્યા કારણનાં લીધે લોકો પીતરને ઈસુનો શિષ્ય સમજવા લાગ્યા?
૧૩ શું ઈસુ તેમનાં મરણ વિશે જાણતા હતા? શું કદી તે વિશે તેમણે પહેલાં કહ્યુ હતું? તેઓ કેવા પ્રકારના હતા?
૧૪ જ્યારે તેઓ કબરમાં ગયાં તો તેમણે શું જોયું?
૧૫ જુવાન માણસે તેમને શું કરવા કહ્યું?
૧૬ જુદા જુદા માંદા માણસોને ઈસુએ કઇ જુદી જુદી રીતે સાજા કર્યા?
૧૭ જે લોકો મરણ પામ્યા હતા તેમને સજીવન કર્યા તેઓ કોણ કોણ હતા?
૧૮ બે ચોર ઈસુની સાથે વધસ્થંભે જડાયા. જે ચોરે પસ્તાવો કર્યો તેણે ઈસુને શું કહ્યું?
૧૯ ઈસુએ એ પસ્તાવો કરનાર ચોરને શું કહ્યું?
૨૦ માણસ નવો જન્મ કેવી રીતે પામી શકે?
૨૧ જો કોઈ માણસ ઈસુ પર વિશ્વાસ કરે તેથી શું થાય? વિશ્વાસનો શો અર્થ થાય?
૨૨ ઈસુનાં માટે તમારૂ અંગત મંતવ્ય શું છે?

The Life of Christ
*Illustrated* - Gujarati

*Cook Communications*
*Ministries International*

G G Enterprise
gg.amar@RMB.snl